RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 256 Dt. 7-1-2025 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT




## કેનેડા PM જસ્ટિન ટ્રુડોનું રાજીનામું

### ટ્રુડોનું રાજીનામું એવા સમયે આવ્યું જ્યારે કેનેડા અને ભારત વચ્ચેના તણાવમાં થયો છે વધારો



નવીદિલ્હી, તા. ૬

જસ્ટિન ટ્રુડોએ તાત્કાલિક અસરથી કેનેડાના વડા પ્રધાન અને લિબરલ પાર્ટીના નેતા પદ પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે. સોમવારે પુષ્ટિ થયેલ તેમનો નિર્ણય કેનેડિયન રાજકારણમાં એક યુગનો અંત દર્શાવે છે. જો કે તેમની ઓફિસમાંથી વિદાય માટેની ચોક્કસ સમયરેખા હજુ પણ અસ્પષ્ટ છે, ટ્રુડો જ્યાં સુધી નવા નેતાની પસંદગી ન થાય ત્યાં સુધી વડા પ્રધાન રહેવાની અપેક્ષા છે, જોકે સંક્રમણ ઝડપી હોઈ શકે છે. ટ્રુડોનું રાજીનામું એવા સમયે આવ્યું છે જ્યારે કેનેડા અને ભારત વચ્ચેના તણાવમાં વધારો થયો છે, કેનેડાની ધરતી પર ખાલિસ્તાની કાર્યકર હરદીપ સિંહ નિજ્જરની હત્યાના સંબંધમાં તેમની સામેના આક્ષેપોને પગલે તણાવમાં રહેલા સંબંધો. ટ્રુડોએ ભારત સરકાર પર હત્યાનું કાવતરું ઘડવાનો આરોપ મૂક્યો, જ્યારે નવી દિલ્હીએ આ દાવાને સતત નકારી કાઢ્યો. ટ્રુડોની ટીમ દ્વારા રજૂ કરાયેલા કોઈ નક્કર પુરાવા સાથે, આ આરોપે દ્વિપક્ષીય સંબંધો પર અવિશ્વાસના વાદળો ફેંક્યા છે. હવે, ટ્રુડોના પદ છોડવા સાથે, કેનેડા-ભારત સંબંધોનું ભાવિ સંતુલનમાં અટકી ગયું છે. ટ્રુડોનું રાજીનામું કેનેડાની વિદેશ નીતિમાં પરિવર્તનનો સંકેત આપી શકે છે, ખાસ કરીને ભારતના સંદર્ભમાં. ઘણા લોકોના મનમાં પ્રશ્ન એ છે કે શું લિબરલ પાર્ટી નવા નેતાની પસંદગી કરશે જે ટ્રુડોના ટીકાત્મક વલણને ચાલુ રાખશે અથવા નવી સરકાર નવો રાજદ્વારી અભિગમ અપનાવશે.

જો ઉદારવાદીઓ સત્તા જાળવી રાખવામાં સફળ થાય છે, તો આગામી નેતાને આર્થિક હિતો અને ભારત સાથેના રાજકીય તણાવ વચ્ચે નાજુક સંતુલન જાળવવાના પડકારનો સામનો કરવો પડી શકે છે. નિજ્જરની હત્યા અને તે પછીના તણાવપૂર્ણ રાજદ્વારી સંબંધો સંબંધિત વિવાદાસ્પદ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે. હવે જ્યારે કન્ઝર્વેટિવ પાર્ટીનો દબદબો છે, ત્યારે કેનેડાની વિદેશ નીતિ અલગ વળાંક લઈ શકે છે. ટ્રુડોએ ભારત સાથેના સંબંધોને જે રીતે હેન્ડલ કર્યા છે તેના ટીકાત્મક વલણ અંગે અવાજ ઉઠાવનારા રૂઢિચુસ્ત નેતા પિયર પૌલીવરે વેપાર અને આર્થિક સહયોગને પ્રાથમિકતા આપવાનો પ્રયાસ કરી શકે છે, જેનાથી તણાવ ઓછો થઈ શકે. તેમ છતાં, ૨૦૨૨માં દિવાળીના કાર્યક્રમમાંથી ખસી જવાના તેમના વિવાદાસ્પદ નિર્ણય સહિત, પોઈલીવરના રેકોર્ડે કેનેડામાં કેટલાક ભારતીય ઈમિગ્રન્ટ્સમાં ચિંતા વધારી છે. તેમનો અભિગમ બેધારી તલવાર હોઈ શકે છે - સંવેદનશીલ સાંસ્કૃતિક અને રાજકીય મુદ્દાઓ સાથે વ્યવહાર કરતી વખતે વ્યવહારુ ઉકેલો શોધે છે.

## Bharatpol આંતરરાષ્ટ્રીય ગુનાઓ સામે લડવામાં Ready : શાહ

### કાયદા અમલીકરણ એજન્સીઓને આંતરરાષ્ટ્રીય પોલીસ સહાયની ઝડપી ઍક્સેસ માટે રીઅલ-ટાઇમ માહિતી મેળવવા બનાવશે સક્ષમ

નવીદિલ્હી, તા. ૬

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ મંગળવારે નવી દિલ્હીમાં સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન (CBI) દ્વારા વિકસિત ભારતપોલ પોર્ટલને લોન્ચ કરશે. ભારતપોલ પોર્ટલ દેશની કાયદા અમલીકરણ એજન્સીઓને આંતરરાષ્ટ્રીય પોલીસ સહાયની ઝડપી ઍક્સેસ માટે રીઅલ-ટાઇમ માહિતીને ઍક્સેસ કરવામાં સક્ષમ બનાવશે, એક સત્તાવાર રિલીઝમાં જણાવાયું છે. ‘‘આ પોર્ટલ ઇન્ટરપોલ દ્વારા આંતરરાષ્ટ્રીય સહાય માટેની તમામ વિનંતીઓને સુવ્યવસ્થિત કરશે, જેમાં રેડ નોટિસ અને અન્ય કલર-કોડેડ ઇન્ટરપોલ નોટિસ જારી કરવાનો સમાવેશ થાય છે. ગૃહ મંત્રાલયના નિવેદનમાં જણાવાયું છે. ભારતપોલ પોર્ટલ ક્ષેત્ર-સ્તરના પોલીસ અધિકારીઓ માટે પરિવર્તનકારી સાધન બનશે, ગુનાઓ અને સુરક્ષા પડકારોનો સામનો કરવામાં તેમની કાર્યક્ષમતા વધારશે, આંતરરાષ્ટ્રીય સહાયની સરળ અને ઝડપી ઍક્સેસ પ્રદાન કરીને, ભારતપોલ આંતરરાષ્ટ્રીય ગુનાઓ સામે લડવાના ભારતના પ્રયાસોને મજબૂત બનાવશે. સાયબર ગુનાઓ, નાણાકીય ગુનાઓ, ઓનલાઈન કટ્ટરપંથીકરણ, સંગઠિત અપરાધ, માદક દ્રવ્યોની હેરાફેરી, માનવ તસ્કરી વગેરે સહિતના આંતરરાષ્ટ્રીય ગુનાઓના વધતા જતા પગલાને કારણે ગુનાહિત તપાસમાં ઝડપી અને વાસ્તવિક સમયની આંતરરાષ્ટ્રીય સહાયની આવશ્યકતા છે.

આ પડકારનો સામનો કરવા માટે, CBIએ ભારતપોલ પોર્ટલ વિકસાવ્યું છે, જે તેની સત્તાવાર વેબસાઇટ દ્વારા સુલભ થઈ શકે છે, ભારતપોલ પોર્ટલ ક્ષેત્ર સ્તરના પોલીસ અધિકારીઓ માટે પરિવર્તનકારી સાધન બનશે, જે ગુનાઓ અને સુરક્ષા પડકારોનો સામનો કરવામાં તેમની કાર્યક્ષમતા વધારશે. આંતરરાષ્ટ્રીય સહાયની સરળ અને ઝડપી પહોંચની સુવિધા દ્વારા, તે આંતરરાષ્ટ્રીય ગુનાઓ સામે લડવામાં ભારતના પ્રયાસોને મજબૂત બનાવશે

અમિત શાહ ૩૫ CBI અધિકારીઓ અથવા કર્મચારીઓને પોલીસ મેડલ પણ અર્પણ કરશે જેમને વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ પોલીસ મેડલ અને તપાસમાં શ્રેષ્ઠતા માટે કેન્દ્રીય ગૃહ પ્રધાન મેડલ એનાયત કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમમાં વિદેશ મંત્રાલય, ગૃહ મંત્રાલય, ડીઓપીટી, સેન્ટ્રલ વિજિલન્સ કમિશન અને કેન્દ્રીય પોલીસ સંગઠનો સહિત વિવિધ મંત્રાલયો અથવા વિભાગોના ઘણા મહાનુભાવો અને વરિષ્ઠ અધિકારીઓ ભાગ લેશે.



### સંગઠિત અપરાધ, ડ્રગ હેરફેર, માનવ તસ્કરી વગેરે અપરાધ પર નિયંત્રણ લાદવુ અનિવાર્ય

સાયબર ક્રાઇમ, નાણાકીય અપરાધ, ઓનલાઈન, સંગઠિત અપરાધ, ડ્રગ હેરફેર, માનવ તસ્કરી વગેરે સહિતના આંતરરાષ્ટ્રીય ગુનાઓની વધતી અસરને ગુનાહિત તપાસમાં ઝડપી અને વાસ્તવિક સમયની આંતરરાષ્ટ્રીય સહાયની જરૂર છે. આ પડકારને પહોંચી વળવા માટે, CBIએ ભારતપોલ પોર્ટલ વિકસાવ્યું છે, જે તેની સત્તાવાર વેબસાઈટ દ્વારા ઍક્સેસિબલ છે, જે તમામ હિતધારકોને એક સામાન્ય પ્લેટફોર્મ પર લાવશે,‘‘ ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું. આ પોર્ટલ, તેમાં કહેવામાં આવ્યું છે કે, ઈન્ટરપોલ દ્વારા આંતરરાષ્ટ્રીય સહાય માટેની તમામ વિનંતીઓની પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરશે, જેમાં રેડ નોટિસ અને અન્ય કલર-કોડેડ નોટિસ જારી કરવાનો સમાવેશ થાય છે. ‘‘ભારતપોલ પોર્ટલ ક્ષેત્રીય સ્તરના પોલીસ અધિકારીઓ માટે એક પરિવર્તનકારી સાધન બનશે, ગુનાઓ અને સુરક્ષા પડકારોનો સામનો કરવામાં તેમની કાર્યક્ષમતા વધારશે. આંતરરાષ્ટ્રીય સહાયની સરળ અને ઝડપી ઍક્સેસની સુવિધા આપીને, તે આંતરરાષ્ટ્રીય ગુનાઓ સામે લડવામાં ભારતના પ્રયાસોને વધારશે. મજબૂત બનાવશે.‘‘ ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું.

## સસ્પેન્ડેડ સાગઠીયા સામે ED એક્શનમાં

### શહેરમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ટીમના ધામા : કોર્પોરેશનની ઓફિસ, ખાનગી ઓફિસ સહિત અન્ય મિલકતો રડારમાં







રાજકોટ, તા. ૬

ટીઆરપી અગ્નિકાંડ બાદ ટીપીઓ સાગઠીયા સહિત અનેક લોકો જેલમાં પોતાની સજા ભોગવી રહ્યા છે ત્યારે આરોપી સાગઠીયા ની અપ્રમાણસર મિલકત અંગે ઈડી હવે મેદાનમાં આવ્યું છે મળતી માહિતી મુજબ એરફોર્સમેન્ટ ડિરેક્ટરએટના ધામા રાજકોટમાં જોવા મળ્યા છે . તજજ્ઞોના જણાવ્યા અનુસાર ફરી એક વખત સાગઠીયા ની મુશ્કેલીમાં અનેક ઘણો વધારો નોંધાયો છે કારણ કે સેન્ટ્રલ એજન્સી હવે તેની અનેકવિધ પૂછપરછ કરશે સાથોસાથ તેના આકા કોણ છે અને કોના કહેવાથી તે ગેરરીતિ આચરતો તે અંગે પણ ખુલાસો થાય તેવી સંભાવનાઓ તજજ્ઞ વ્યક્ત કરી રહ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ઈડીની ટીમે ટાઉન પ્લાનિંગ અધિકારી સાગઠીયા સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે કોર્ટમાં અરજી કરી હતી અને વિવિધ મુદ્દે પૂછતાચ કરવા માટે રજૂઆત પણ કરી હતી ત્યારે મહાનગરપાલિકાની કચેરી સ્થિત તેમની ઓફિસ, ખાનગી ઓફિસ, ઘર, તેની અન્ય મિલકતો પર સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવે તેવું માનવામાં આવી રહ્યું છે. હાલ જે સ્થિતિ ઊભી થઈ છે તેને ધ્યાને લઈ એ વાત તો સ્પષ્ટ છે કે આ તપાસથી અનેક લોકો સુધી ભરેલો પહોંચશે. ત્યારે અનેક મોટા માથાઓ ના નામ આ તપાસમાં બહાર આવે તેવા સંજોગો પણ સામે આવ્યા છે. મહત્વનું તો એ છે કે સાગઠીયા કોની સાથે રહી અને કોના આદેશનું પાલન કરતો હતો અને ગેરરીતી આચરતો હતો તે તમામ ઉપર તપાસ હાથ ધરવામાં આવશે તેવું વિભાગીય સૂત્રો જણાવી રહ્યા છે.

### અપ્રમાણ સર મિલકતની સાથોસાથ આચરેલા અન્ય કૌભાંડો પરથી હટી શકે છે પડદોઃ સાગઠીયાના સાગરિતોની ઊંઘ હરામ

જેલમાં રહેલ સાગઠીયાની મુશ્કેલીમાં વધારો થયો છે. પૂર્વ ટી.પી.ઓ. સાગઠીયા વિરુદ્ધ તપાસમાં ઈ.ડી.એ ઝંપલાવેલ હોવાનું જાણવા મળે છે. ટીઆરપી કાંડમાં ખાસ નિયુક્ત સ્પેશિયલ પી.પી. તુષાર ગોકાણીનો સંપર્ક કરતા તેઓએ ઈ.ડી. દ્વારા રાજકોટની અદાલતમાં સાગઠીયાની તપાસ માટે પુસપરછ પરવાનગી માંગ્યાનું જાણવા મળેલ છે.

લાંચીયાવૃતિથી કરોડોની અકસયામતો એકઠી કરનારના આકાઓ સુધી પહોંચવા માટેનો તખતો એનફોર્સમેન્ટ ડિરેક્ટરેટ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હોવાનું હાલ માનવામાં આવી રહ્યું છે ત્યારે આ વાતની જાણ થતા જ સાગઠીયા સાથે જોડાયેલા અનેકવિધ મોટા માથાઓ પર ચિંતા ના વાદળો ઘેરાયા છે એટલું જ નહીં સાગઠીયાને સમર્થન આપનાર લોકો ઉપર પણ તપાસનો ધમધમાટ જોવા મળે તો નવાઈ નહીં. એરફોર્સમેન્ટ ડિરેક્ટરએટની ટીમ કયા મુદ્દે અને કયા વિષય પર ચર્ચા અને તપાસ કરશે તે તો જોવાનું રહ્યું પરંતુ હાલ જે રીતે સૂત્રો દ્વારા માહિતી મળી રહી છે તેને જોતાં એ વાત તો સ્પષ્ટ થઈ ચૂકી છે કે ટાઉન પ્લાનિંગ વિભાગમાં થયેલા ગોટાળા એટલું જ નહીં ગેરકાયદે બાંધકામો ખડકી દેનાર લોકોને પરવાનગી આપનાર સાગઠીયા સામે અનેકવિધ મુદ્દે ચર્ચા અને તપાસ હાથ ધરવામાં આવશે.

### HMPV વાઈરસથી ગભરાવવાની જરૂર નથી માત્ર સાવચેતી જરૂરી

## ખતરનાક ચીની વાયરસની ગુજરાતમાં એન્ટ્રી

### હ્યુમન મેટાન્યુમોવાઈસએ કોઈ નવો વાઈરસ નથી, વર્ષ ૨૦૦૧થી આ વાઈરસની ઓળખ થયેલ છે : ઋષિકેશ પટેલ

### રાજસ્થાનના ડુંગરપુરથી સારવાર માટે અમદાવાદ આવેલા ૨ મહિનાના બાળકનું HMPV સેમ્પલ પોઝિટિવ જણાયું

રાજકોટ, તા. ૬

હાલમાં ચીનમાં માનવ મેટાન્યુમોવાઈરસ(HMPV)ના કેસો જોવા મળી રહ્યા છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે,હ્યુમન મેટાન્યુમોવાઈરસ (HMPV) એ કોઈ નવો વાઈરસ નથી, વર્ષ ૨૦૦૧થી આ વાઈરસની ઓળખ થયેલ છે.

ગુજરાત રાજ્યનું આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ આ વાઈરસને લઈને તમામ તૈયારીઓ અને વ્યવસ્થાઓ સાથે સચેત છે. આરોગ્ય વિભાગ દ્વારા અગમચેતીના ભાગરૂપે તા. ૪ જાન્યુઆરી ના રોજ બેઠક કરીને રાજ્યના દરેક જિલ્લાના દરેક CDHO, MoH, સિવિલ સર્જન, SDH સુપ્રીન્ટેન્ડન્ટને આ વાઈરસના ચેપ સંબંધિત બાબતો પર સંપૂર્ણ ધ્યાન રાખવા સૂચના આપવામાં આવી છે.

ગુજરાતમાં HMPV વાઈરસ સંબંધિત કેસના નિદાન માટે રાજ્યની ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ થી લઇ મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ અને સિવિલ હોસ્પિટલ ખાતે વ્યવસ્થા ઊભી કરવામાં આવનાર છે. આગામી અઠવાડિયાથી રાજ્યમાં પણ આ કેસનું નિદાન થઈ શકશે.

હાલમાં, ગુજરાતમાં HMPV વાઈરસનો એક પોઝિટિવ કેસ જોવા મળ્યો છે. રાજસ્થાનના ડુંગરપુરથી અમદાવાદ ખાતે સારવાર માટે આવેલા ૨ મહિનાના બાળકના સેમ્પલ HMPV પોઝિટિવ જણાયા છે,હાલમાં બાળક સારવાર હેઠળ અને સંપૂર્ણપણે સ્ટેબલ છે. રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા નાગરિકોને ગભરાયા વિના સાવચેત રહેવા, ઉપર જણાવેલા સૂચનો અપનાવવા અને વાઈરસના લક્ષણો જણાય તો નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા આથી જણાવવામાં આવ્યું છે.સામાન્ય નાગરિકોએ હ્યુમન મેટાન્યુમોવાઈરસથી ગભરાવવાની જરૂર નથી, પરંતુ વાઈરસના લક્ષણો સમજીને તેના ચેપ સાથે સંબંધિત બાબતો જાણવી અને અપનાવવી જરૂરી છે.

#### મેટાન્યુમોવાઈરસના ચેપની સ્થિતિમાં શું ના કરવું

- આવશ્યક ના હોય તો આંખ, નાક કે મોઢાને સ્પર્શ કરવો નહિ.
- ચેપ ગ્રસ્ત વ્યક્તિએ વ્યક્તિગત ચીજવસ્તુઓ જેમ કે ટુવાલ, રૂમાલ અથવા અન્ય વાસણો બીજા વ્યક્તિના સંપર્કમાં કે ઉપયોગમાં ના આવે તેનું ધ્યાન રાખવું.
- જાતે દવા લેવાનું ટાળવું, લક્ષણોમાં વધારો દેખાય તો આરોગ્ય કર્મચારીનો સંપર્ક કરવો.

#### મેટાન્યુમોવાઈરસના લક્ષણો દેખાય તો શું કરવું ?

- જ્યારે ઉધરસ અથવા છીંક આવે ત્યારે મોઢું અને નાકને રૂમાલ અથવા ટિસ્યુથી ઢાંકવું.
- નિયમિત રીતે હાથ સાબુ અને પાણીથી ધોવાં કે સેનેટાઈઝરનો ઉપયોગ કરવો.
- ભીડભાડવાળા સ્થળોથી દૂર રહેવું અને ફલૂથી પીડિત વ્યક્તિઓથી ઓછામાં ઓછું એક હાથનું અંતર રાખવું.
- તાવ, ઉધરસ કે છીંક આવે છે તો જાહેર સ્થળો પર જવાનું ટાળવું.
- વધુ પાણી પીવું અને પૌષ્ટિક ખોરાક ખાવો.
- પ્રબળ પ્રતિરોધક શક્તિ માટે પૂરતી ઊંઘ લેવી.
- બીમારીઓ ફેલાતી અટકાવવા માટે યોગ્ય વેન્ટિલેશન વાળા વાતાવરણમાં રહેવું.
- શ્વસનને લગતા લક્ષણો જણાય તો ઘરમાં જ રહેવું, બીજાઓ સાથે સંપર્ક મર્યાદિત કરવો અને તાત્કાલિક નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવો.





#### મેટાન્યુમોવાઈરસ વિશે જાણવા જેવી બાબતો

- મેટાન્યુમોવાઈરસ (ઇંખડ્ટ) અન્ય શ્વસન વાયરસ જેવો જ વાયરસ છે.
- વર્ષ ૨૦૦૧થી આ વાઈરસની ઓળખ થયેલ છે.
- આ વાઈરસ શિયાળાની ઋતુ દરમિયાન ખાસ કરીને નાના બાળકો અને વૃદ્ધોમાં દેખાય છે અને તેના લક્ષણોમાં સામાન્ય શરદી અને ફલુનો સમાવેશ થાય છે.

### ચાર ટીમોએ એક જ દિવસમાં શહેરભરના અલગ અલગ વિસ્તારો, રસ્તાઓ પર ડ્રાઈવ યોજી

# ટ્રાફિકને અડચણરૂપ થનારા અઢીસો વાહનચાલકો દંડાયા

### શહેરમાં ગમે ત્યાં વાહનો ખડકી દેવાની આદત ધરાવનારાઓને સુધારવા ટ્રાફિક ડીસીપી પૂજા યાદવ, એસીપી જે. બી. ગઢવીના માર્ગદર્શનમાં કાર્યવાહી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૬**

રાજકોટઃ રંગીલા રાજકોટ શહેરમાં વસ્તી અને વિસ્તાર ખુબ વધ્યા છે તેની સાથે સાથે વાહનોની સંખ્યામાં પણ મબલખ વધારો થઇ ગયો છે. જો કે અમુક રસ્તાઓ હજુ પણ જુના ને જુના હોવાથી ટ્રાફિકજામની સમસ્યાઓ અને રોજબરોજ ટ્રાફિકને લગતા પ્રશ્નો ઉભા થવાની તકલીફો સર્જાતી જ રહે છે. વાહનચાલકો ટ્રાફિકના નિયમોનું પાલન કરે તે માટે શહેર ટ્રાફિક પોલીસ અને અન્ય પોલીસ સ્ટેશનો દ્વારા લોકોને સમજાવવામાં આવતાં હોય છે. પરંતુ અમુક વાહનચાલકો દંડ ભરશે પણ ટ્રાફિકના નિયમો નહિ જ પાળે. આ દરમિયાન ટ્રાફિક પોલીસે એક ખાસ ડ્રાઈવ યોજી એક જ દિવસમાં અઢીસો એવા વાહનચાલકોને દંડ ફટકાર્યો હતો જેણે પોતાશહેરમાં જાહેર માર્ગો પર નો પાર્કિંગમાં અને બીજા ટ્રાફિકને નડતરરૂપ બને તે રીતે પાર્ક કર્યા હતાં. શહેર ટ્રાફિક પોલીસે ચાર ટીમો બનાવી આ કામગીરી કરી હતી.

હાલમાં ટ્રાફિક સપ્તાહ ચાલી રહ્યું હોઇ વાહનચાલકોમાં ટ્રાફિક સેન્સ આવે અને તેઓ ટ્રાફિકના નિયમોનું પાલન કરે તે માટે પોલીસ દ્વારા તેમને સમજાવવામાં આવતાં હોય છે. આમ છતાં અમુક વાહનચાલકો ગમેતેમ આડેધડ વાહન પાર્ક કરીને બીજા લોકોને બીજા વાહનવ્યવહારને નડતરરૂપ બનતાં હોય છે. આડેધડ પાર્ક થતાં વાહનો વિરૂધ્ધ ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. રવિવારે આ કામગીરીને અસરકારક અને પરિણામલક્ષી બનાવવા ટ્રાફિક શાખાના ચાર પીએસઆઇ પોતાની ટીમો સાથે નીકળ્યા હતાં અને શહેરના અલગ અલગ ૬૦ સ્થળોએ સવારથી સાંજ સુધી ચેકીંગ કરી ૨૪૮ કેસ કરી ૧,૨૯,૦૦૦નો દંડ વસુલી બીજી વખત વાહનચાલકોને નિયમ ભંગ નહિ કરવા કડક સુચના અપાઇ હતી.

જાણવા મળેલી માહિતી પર નજર કરીએ તો ટ્રાફિક શાખાની એક ટીમે જીલ્લા પંચાયત ચોક, રામકૃષ્ણ આશ્રમ ચોક, જાગનાથ પોલીસ ચોકી ટી-પોઇન્ટ, સ્વામિ વિવેકાનંદના સ્ટેચ્યુ પાસે,





માલવીયા ચોક, ત્રિકોણ બાગ, ઢેબર ચોક, બસ સ્ટેશનની આગળ અને પાછળના ભાગે, લોધાવાડ ચોકથી કુવાડવા રોડ, ધર્મેન્દ્ર રોડ વિસ્તારમાં ૮૦ કેસ કરી રૂા. ૪૨૨૦૦નો દંડ વસુલ કર્યો હતો. તેમજ બીજી ટીમે કોટેચા ચોક, કેકેવી ચોક, ક્રિસ્ટલ મોલ, એજી ચોક, કોસ્મો ચોક, મોટા મવા ચોક સ્મશાન પાસેના રોડ પર, સરિતા વિહાર, મુરલીધર પાન ચોક, કોસ્મો ચોકડી, ઇન્દિરા સર્કલ, પંચાયત ચોક, સાધુ વાસવાણી ટી પોઇન્ટ, આકાશવાણી ચોક, અમીન માર્ગ, રાજનગર ચોક, માયાણી ચોક, ચંદ્રેશનગર ચોક, અમીન માર્ગ, મવડી ફાયર બ્રિગેટ ટી પોઇન્ટ, સ્વામીનારાયણ પૂલ સુધીના રોડ પર ૫૯ કેસ કરી ૪૧૨૦૦નો દંડ વસુલ કર્યો હતો.

જ્યારે ટ્રાફિક શાખાના પીએસઆઇની ત્રીજી ટીમે માધાપર ચોક, અયોધ્યા ચોક, શિતલ પાર્ક ચોક, રામાપીર ચોકડી, રૈયા ટેલિફોન એક્ષચેન્જ સર્કલ, ઇન્દિરા સર્કલ, કેકેવી ચોક, બીગ બાઝાર ચોક, નાના મવા ચોક, મહાપુજાધામ ચોક, ઓમનગર સર્કલ, મવડી ચોક, આસ્થા ચોકડી, ડો. બાબાસાહેબ આંબેડકર ચોક, પુનિત ટાંકા સુધીના રસ્તા પર ૨૯ કેસ કરી રૂા. ૧૧૭૦૦નો દંડ વસુલી એક વાહન ડિટેઇન કર્યુ છે.

જયારે ચોથી ટીમે લીમડા ચોક, હરિહર ચોક, ફુલછાબ ચોક, જીલ્લાપંચાયત-અકિલા ચોક, લવલી ગેસ્ટ હાઉસ રોડ, રેસકોર્ષ રોડ, કિસાનપરા ચોક, હનુમાન મઢી, રૈયા ચોકડી, મહિલા કોલેજ અન્ડરબ્રીજ, એસ્ટ્રોન ચોક, વિરાણી ચોક, ગોડાઉન ચોક, ભક્તિનગર સર્કલ, લેલન ટી પોઇન્ટ, મક્કમ ચોક સુધીના વિસ્તાર પર ચેકીંગ કરી ટ્રાફિકને નડતરરૂપ ગેરકાયદે પાર્ક કરાયેલા વાહનોના ૮૦ કેસ કરી રૂા. ૩૩૯૦૦નો દંડ વસુલાયો હતો.

શહેરમાં ટ્રાફિકના નિયમોનું પાલન જે તે વાહનચાલક કરે તો પોલીસ પણ દંડ ફટકારતી હોતી નથી. પરંતુ અમુક વાહનચાલકોને નિયમો સાથે કંઇ લેવા દેવા ન હોય એ રીતે ગમે તેમ વાહનો ચલાવતા હોય છે અને ગમે તેમ આડેધડ વાહન પાર્ક કરી દેતાં હોય છે. આવા વાહનચાલકોને પાઠ ભણાવવા પોલીસને અવાર-નવાર કે દરરોજ ડ્રાઇવ યોજવી પડતી હોય છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જોઇન્ટ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી પૂજા યાદવ, એસીપી જે. બી. ગઢવીની સુચના અનુસાર કુલ ૨૪૮ કેસ કરી ૧,૨૯,૦૦૦નો દંડ વસુલાયો હતો. ચાર ટીમો બનાવી આ કામગીરી પીએસઆઇ એસ. બી. ઘાસુરા, પીએસઆઇ રાઠોડ, પીએસઆઇ કટીયા, પીએસઆઇ ભગોરા અને તેમની ટીમોએ કરી હતી. ટ્રાફિક સપ્તાહ અંતર્ગત પોલીસ ગમે ત્યારે આ રીતે ડ્રાઇવ યોજી કાર્યવાહી કરશે. વાહનચાલકો નિયમોનું પાલન કરી દંડથી બચી શકે છે. જો વાહનચાલકો સુધરશે નહિ તો પોલીસ દંડની કાર્યવાહી ચાલુ જ રાખશે અને જરૂર પડ્યે વાહનો ડિટેઇન પણ કરવામાં આવશે તે નક્કી છે.

## મનપાના પુસ્તકાલયોમાં ડિસેમ્બરમાં ૪૮,૬૯૬ નાગરિકોએ લીધો લાભ

### નવા ૩૩૭ સભ્યો લાઈબ્રેરી સાથે જોડાયા : ૧,૦૦૩ મેગેઝીનની વાંચકો માટે ખરીદી કરવામાં આવેલ

રાજકોટ, તા. ૬

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત પ્રભાદેવી.જે. નારાયણ પુસ્તકાલય શિક્ષણ સમિતિ કેમ્પસ, કરણપરા ચોક, શ્રી દત્તોપંત ઠેંગડી પુસ્તકાલય,વોર્ડ નંબર ૨ ની વોર્ડ ઓફિસની બાજુમાં શ્રોફ રોડ, શ્રી બાબુભાઈ વૈધ લાયબ્રેરી, બાપા સીતારામ ચોકની બાજુમાં, પેરેડાઇઝ હોલ સામે, ડો. બાબા સાહેબ આંબેડકર ભવન લાઈબ્રેરી,જીલ્લા ગાર્ડન, બહેનો અને બાળકો માટેની મોબાઈલ લાઈબ્રેરી યુનિટ ૧ તથા ૨, મહિલા વાચનાલય, મહિલા એકટીવિટી સેન્ટર, નાના માવા, ચાણકય લાઈબ્રેરી,ગોવિંદ બાગ શાકમાર્કેટ સામે, ઈસ્ટ ઝોનમાં એક માસ દરમ્યાન કુલ ૪૮,૬૯૬ મુલાકાતીઓ એ લાભ લીધેલ હતો. આ એક માસ દરમ્યાન ૩૩૭ નવા સભ્યો લાઈબ્રેરી સાથે જોડાયા હતા. સભ્યોની માંગણી અને નવ પ્રકાશિત વિવિધ વિષયોનાં પુસ્તકો, બાળ સાહિત્ય, ગુજરાતી સાહિત્ય, નવલકથા, નવલિકાની સાથે સાથે વિધાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી પુસ્તકો મળી કુલ ૭૫૦ પુસ્તકો, તથા બાળકો માટે વિવિધ પ્રકારના ૧૦૦ જેવા રમકડા, પઝલ્સ, ગેઈમ્સ વગેરે ઈશ્યુમાં મુકવામાં આવેલા છે. ડીસેમ્બર માસ દરમ્યાન ૧,૦૦૩ મેગેઝીન ની વાંચકો માટે ખરીદી કરવામાં આવેલ.

**સુધરે ઇ બીજા**

## એંસી લોકો પાસેથી પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત

### ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૯૩૦૦નો દંડ વસૂલાયો

રાજકોટ, તા. ૬

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત ગત ૨ દિવસમાં ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જેમાં કુલ ૨ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૮૦ આસામીઓ પાસેથી ૫.૯ કી. ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૯૩૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૧ આસામીઓ પાસેથી ૪.૬૬ કિ. ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૮૨૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૩ આસામીઓ પાસેથી ૦.૧૫ કિ. ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૩૧૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૬ આસામીઓ પાસેથી ૧.૦૯ કિ. ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૮૦૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં કામગીરી કરવામાં આવી.



**પ્લાસ્ટિક ઉત્પાદન કરતી કંપનીઓ પર તવાઈ બોલાવી જરૂરી**

મહત્વનું એ છે કે જે કોઈ વેપારીઓ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા હોય તેને દંડિત કરવાના બદલે જે ઉત્પાદકો છે તેના પર આકરી તવાઈ બોલાવવામાં આવે તે જરૂરી છે. જે મૂળ છે તેને જ દૂર કરવામાં આવે તો જ શિસ્તના પાઠ વ્યાપારીઓને ભણાવી શકાશે. પ્લાસ્ટિક ઉત્પાદક કરતી કંપનીઓ નો રાફડો દિન પ્રતિ દિન વધી રહ્યો છે ત્યારે સ્વચ્છ રાજકોટના સંકલ્પને સિદ્ધ કરવા હાલ જે પગલાં લેવામાં આવી રહ્યા છે તે ક્યાંક ને ક્યાંક અપૂરતા છે.

### જીયાના મેસેજથી જમીન મકાનના ધંધાર્થી લલચાયા, રોકડા ગુમાવ્યા પછી ખબર પડી કે આપણે તો ફસાયા

# ફેસબૂક ફ્રેન્ડ બનાવી હનીટ્રેપમાં ફસાવ્યાઃ ટોળકી ઝબ્બે

### રાજકોટના ત્રણ શખ્સો, સુરતની યુવતિ અને યુવાન મળી જાળ બીછાવી શિકાર ફસાવતાં હતાંઃ પોલીસે સત્તરસો કિલોમીટરની દોડધામ કરી પાંચેયને દબોચ્યાઃ અગાઉ પણ આચરી ચુક્યા છે આવા ગુના

રાજકોટઃ સોશિયલ મિડીયા થકી મિત્રતા કેળવીને બાળાઓ, સગીરાઓ, યુવતિઓને ફસાવવના કિસ્સા તો બનતા જ રહે છે. આ ઉપરાંત આ માધ્યમનો દુરૂપયોગ લેભાગુ ટોળકીઓ પણ કરતી રહે છે. ફેસબૂક મારફત ફ્રેન્ડ બનાવી ફસાવીને રૂપિયા પડાવવાના કિસ્સા અનેક વખત બની ચુક્યા છે. આવી જ એક ટોળકીનો પર્દાફાશ થયો છે. રાજકોટના ત્રણ શખ્સો અને સુરતની એક યુવતિ તથા યુવક પણ પાંચ જણાની ટોળકી યુવાનો, વેપારીઓ સહિતનાને ફેસબૂક પર ફ્રેન્ડ બનાવી હનીટ્રેપમાં ફસાવી નાણા પડાવતી હતી. આ ટોળકીને દબોચી લેવામાં સફળતા મળી છે. જમીનના ધંધાર્થીને યુવતિએ ફેસબૂક પર સંપર્ક થકી



ફસાવી મળવા બોલાવ્યા બાદ તેના સગા્રીતોએ ધસી આવી ગાંધનગર ક્રાઇમ બ્રાંચની ઓળખ આપી ડરાવી ધમકાવી રૂપિયા પડાવી લીધા હતાં. જમીનના ધંધાર્થીને બળાત્કારમાં ફસાવી દેવાની ધમકી અપાઇ હતી. જીયા નામ ધારણ કરીને યુવતિએ આ ટ્રેપ રચી હતી.

વિગતો પર નજર કરીએ તો ફેસબૂક પર ફેક એકાઉન્ટ બનાવી લેન્ડ બ્રોકરનો સંપર્ક કરી યુવતીએ મકાનના કામ માટે મળવા માટે બોલાવ્યો હતો. ત્યારબાદ યુવતીના સાગરીતોએ ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચમાંથી આવ્યા હોવાનું જણાવી બ્રોકરને ધમકાવી રૂપયા પડાવી લીધા હતા. હનીટ્રેપના આ ગુનામાં પોલીસે યુવતી અને તેના ત્રણ સાગરીતોને ઝડપી પાડયા છે. આણંદ જિલ્લાના નાપાડ તાલુકાના તળપદ ગામે રહેતા અને જમીન મકાન લે-વેચનો ધંધો કરતા જયકુમાર મુકેશકુમાર પટેલે કપુરાઇ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે ફેસબૂક પર ફેક એકાઉન્ટ બનાવી જીયા પટેલ નામ ધારણ કરી યુવતીએ મારો સંપર્ક કર્યો હતો. તેણે મકાનના કામ માટે મને આજવા ચોકડી પાસે બોલાવતા હું ગયો હતો. ત્યાં યુવતીના સાગરીતોએ મને ડરાવી ધમકાવી કારમાં ઉઠાવી ગયા હતા.

ત્યારબાદ મને બળાત્કારના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી ગેંગે મારી પાસેથી સોનાની વીંટી અને રોકડા મળી ૧.૪૫ લાખ પડાવી લીધા હતા. આ ગુનામાં ડીસીપી ઝોન - ૩ એલ. સી.બી.ના પી.એસ.આઇ. બી.જી.વાળાએ ડીસીપી અભિષેક ગુપ્તાની સૂચના મુજબ, હ્યુમન સોર્સ, ટેકનિકલ સોર્સ અને સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી વૈશાલી મૌલિકભાઇ પૂજારા , માયાભાઇ ભગુભાઇ શેયડા (બંને રહે. વરાછા, સુરત), કલ્પેશ દિલસુખભાઇ અગ્રાવત, વિનોદ ગોરધનભાઇ અગ્રાવત તથા અજય કિશોરભાઇ અગ્રાવત ( તમામ રહે. રાજકોટ)ને ઝડપી પાડયા હતા. ઉલ્લેખનીય છે કે, આરોપીઓ સુરતના સારોલી અને કતાર ગામ પોલીસ સ્ટેશનના બે ગુનામાં વોન્ટેડ છે. તેમજ અગાઉ પણ આરોપીઓ હનીટ્રેપના ગુનામાં પકડાયા હતા. પોલીસે આરોપીઓના મોબાઇલ નંબરના આધારે તપાસ શરૂ કરી ડેટા કલેક્ટ કર્યા હતા. પોલીસને આરોપીઓનું લોકેશન મળ્યું હતું. પોલીસની ટીમ તાબડતોબ રાજકોટ પહોંચી ગઇ હતી. પરંતુ, પોલીસ ત્યાં પહોંચે તે પહેલા જ આરોપીઓ રાજકોટ છોડીને અમદાવદા જતા રહ્યા હતા.

પોલીસ અમદાવાદ પહોંચી તે પહેલા આરોપીઓ ત્યાંથી પણ ફરાર થઇ ગયા હતા. સતત બોંતેર કલાકની દોડધામ અને સતરસો કિ. મી.ની દોડધામ પછી પોલીસને ગેંગ પકડવામાં સફળતા મળી હતી. પોલીસની તપાસમાં એવી વિગતો પ્રકાશમાં આવી હતી કે આરોપી વિનોદ ટેકનિકલ નોલેજ ધરાવતો હતો. તેણે જ જીયા પટેલ નામનું ફેક ફેસબૂક એકાઉન્ટ બનાવી ફરિયાદીનો સંપર્ક કર્યો હતો. ફરિયાદીને જાળમાં ફસાવ્યા પછી તેણે ગેંગના અન્ય સાગરીતોને જાણ કરતા વૈશાલીને તૈયાર કરવામાં આવી હતી. ત્રણ આરોપીઓ રાજકોટથી અને બે આરોપીઓ સુરતથી આવ્યા હતા. ગુનાને અંજામ આપ્યા પછી આરોપીઓ રાજકોટ ભાગી ગયા હતા. આરોપીઓનું પગેરૂ મેળવવા માટે પોલીસ સતત લોકેશનના આધારે તેઓનો પીછો કરતી હતી. છેલ્લે ગઇકાલે આ ગેંગ વડોદરામાં અન્ય શિકારની તલાશમાં વાઘોડિયા રોડ વૈકુંઠ સોસાયટીની પાછળ ભેગી થઇ હતી. પોલીસની ટીમ લોકેશનના આધારે ત્યાં પહોંચી હતી. સ્થળ પર નંબર પ્લેટ વગરની કાર મળી આવતા પોલીસે તેઓને ઝડપી પાડયા હતા. આરોપીઓ પાસેથી પોલીસે રોકડા ૧.૦૬ લાખ કબજે કર્યા છે. જ્યારે સોનાની વીંટી રાજકોટના સોનીને વેચી દીધી હોવાનું જણાવ્યું હતું.

વૈશાલી રેસ્ટોરન્ટ ચલાવે છે. આરોપી માયાભાઇએ તેને પૈસાની લાલચ આપી આ ગુનામાં સામેલ કરી હતી. કલ્પેશ પાસે ૩૦ હજાર, માયા પાસે ૨૭ હજાર, અજય પાસે ૨૬ હજાર અને વિનોદ પાસે ૨૩ હજાર આવ્યા હતા. વૈશાલીને વડોદરા આવ્યા પછી પૈસા આપવાના હતા. પરંતુ, તે પહેલા જ પોલીસે તેઓને ઝડપી પાડયા હતા. કપુરાઇ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર ડી.સી.રાઓલે આરોપીઓની ધરપકડ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી હતી. ટોળકીની પુછતાછમાં સૌરાષ્ટ્રભરના બીજા કેટલાક ગુનાઓ ઉકેલાઇ જવાની પણ શકયતા જણાઇ રહી હોઇ વિશેષ તપાસ યથાવત રખાઇ છે.

# વેરા વસુલાતે પછાડ્યો ધોકોઃ ૭ મિલકત સીલ

### રૂા.૧૯.૭૧ લાખ : કુલ રિકવરી ૩૩૩.૫૭ કરોડ



રાજકોટ, તા. ૬

રાજકોટ મહાનગરપાલિકાનાં વેરા વસુલાત વિભાગ ઘોર નિંદ્રામાંથી બહાર આવી રહ્યાનું મનાય છે. કુલ ૪૧૦ કરોડના વેરા વસુલાત લક્ષ્યાંક સામે માત્ર ૩૩૩ કરોડની વસુલાત થઇ છે. હવે જ્યારે ત્રણ મહિનાનો સમય બાકી છે ત્યારે તંત્રએ આળસ ખંખેરી છે અને ૭ મિલકતો સિલ કરતા તથા ત્રણ નળ કનેકશન કાપવાની કાર્યવાહી કરતા ૨૪ કલાકમાં ૨૦ લાખની વસુલાત થઇ છે.

વોર્ડ વાઈઝ કામગીરી અંગે જો વાત કરવામાં આવે તો વોર્ડ નં-૫માં મનહર સોસાયટીમાં ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૬૩,૩૨૦નો ડ્ઉઈ ચેક આપવામાં આવ્યો. બીજી તરફ માર્કેટીગ રોડ પરા આવેલ ૧-નળ કનેક્શન કાપવામાં આવ્યું જ્યારે શીવમનગર સોસાયટીમાં ૧-નળ કનેક્શન કરતાં સામે રીકવરી રૂ.૫૭,૨૫૦ થઈ.ભગવતી સોસાયટીમાં ૧-નળ કનેક્શન કપાત સામે રીકવરી રૂ. ૬૭,૨૦૦ થઈ.

વોર્ડ નં-૭માં ભૂપેન્દ્રરોડ પર આવેલ માનર્ક કોમ્પલેક્ષ ફર્સ્ટ ફલોર શોપ નં-૩૮ ના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૮૫,૦૦૦ થઈ. એવીજ રીતે વિજય પ્લોટમાં ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૧.૦૬ લાખની વસુલાત કરાઇ હતી.

વોર્ડ નં-૧૩માં કોઠારીયા મેઇન રોડ પર આવેલ ૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૭૩,૮૨૦ થઈ.અમારા નગર માં ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૧.૦૦ લાખ થઈ.

વોર્ડ નં-૧૪માં સોરઠીયા વાડીમાં ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૧.૦૫ લાખાનો PDC ચેક આપવામાં આવ્યો. એવીજ રીતે વોર્ડ નં-૧૮માં ઢેબર રોડ પર આવેલ ૨-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૧.૦૬ લાખ થઈ.

ગઈકાલ બપોર સુધીમાં ૭મિલકતોને સીલની કાર્યવાહી ૨-નળ કનેક્શન કપાત કરતાં રીકવરી થયેલ આજના દિનની રીકવરી રૂા.૧૯.૭૧ લાખ રીકવરી કરેલ છે. જ્યારે કુલ રિકવરી રૂ.૩૩૩.૫૭ કરોડે પહોંચી.

આ કામગીરી નાયબ કમિશ્નર સી.કે.નંદાણી તથા આસી.કમિશ્નર સમીર ધડુક, સેન્ટ્રલ ઝોન મેનેજર વત્સલ પટેલ ,સિદ્ધાર્થ પંડ્યા ,ભાવેશ પુરોહિત,વેસ્ટ ઝોન મેનેજર મયુર ખીમસુરીયા,ફાલ્ગુની કલ્યાણી ,ઇસ્ટ ઝોન મેનેજર નીલેશ કાનાણી, ગૌરવ ઠક્કર તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઇન્સપેક્ટરઓ દ્વારા વેરા વસુલાતની સઘન કામગીરી કરવામાં આવેલ છે. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

# SMCને મળ્યો પોલીસ સ્ટેશનનો દરજ્જો

## ગુજરાતમાં ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ સામે નવી લડાઈનો પ્રારંભ : ગુજરાતને સ્પર્શતા રાજ્યની બહાર થતા ક્રિકેટ સટ્ટા, ડબ્બા ટ્રેડિંગ, ડ્રગ્સ, પ્રોહિબિશન, જુગાર અને કબુતરબાજી જેવા ગુનાઓની સ્વાયત્ત થઈ શકશે તપાસ

રાજકોટ, તા. ૬

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગૃહ વિભાગે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અને ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ સામેની લડાઈને વધુ મજબૂત બનાવવા માટે એક નવો અને ઐતિહાસિક નિર્ણય લીધો છે. પોલીસ ભવન ખાતે કાર્યરત સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી)ને ઝીરો બજેટથી અલાયદા પોલીસ સ્ટેશનનો દરજ્જો આપી વિશેષ સત્તાઓ આપવામાં આવી છે. રાજ્યમાં અને રાજ્યની બહાર બનતાં ક્રિકેટ સટ્ટા, ડબ્બા ટ્રેડિંગ, ડ્રગ્સ, પ્રોહિબિશન, જુગાર અને કબુતરબાજી જેવા રાજ્યને સ્પર્શતા ગુનાઓના દરોડા પાડી તેના ગુના આ નવા એસ.એમ.સી પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવશે અને તેની તપાસ પણ આ ટીમ દ્વારા કરવામાં આવશે. આ ગુનાઓની તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ દ્વારા રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના સીધા માર્ગદર્શન હેઠળ કરવામાં આવશે.અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા અઝઝને પણ વર્ષ ૨૦૦૨માં પોલીસ સ્ટેશન જાહેર કરવામાં આવ્યું હતું. હવે જ્બઈ દ્વારા અઝઝની જેમ ગુજરાત તેમજ દેશમાં ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ વિરુદ્ધ સક્રિય રીતે પગલાં લેવામાં સક્ષમ બનશે અને અસરકારક કામગીરી કરશે.

આ નિર્ણયથી ગુજરાતમાં ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ પર અંકુશ આવશે અને રાજ્યને વધુ સુરક્ષિત બનાવવામાં મદદ મળશે. આ પોલીસ સ્ટેશનની સ્થાપના માટે કોઈ ખર્ચ કરવામાં આવ્યો નથી. હાલ જ્યાં આ સેલ કાર્યરત છે ત્યા જ પોલીસ સ્ટેશન કાર્યરત કરવામાં આવ્યુ છે.




### સ્ટેટ મોનિટરિંગ સેલને રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયનું સીધું માર્ગદર્શન મળશે તેમજ તપાસમાં પણ ગુપ્તતા જળવાશે

### સ્ટેટ મોનિટરિંગ સેલ પોલીસ સ્ટેશનથી શું થશે?

- ઝડપી અને અસરકારક તપાસ

સ્થાનિક પોલીસ સ્ટેશન અને જિલ્લા-રેન્જ વડાશ્રીઓની મંજુરીમાંથી મુક્તિ મળતાં તપાસની પ્રક્રિયા ઝડપી બનશે અને ગુનેગારો સામે કડક કાર્યવાહી થઈ શકશે.

- રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ગુનાઓની તપાસ

આ પોલીસ સ્ટેશનમાં દાખલ કરાયેલા ગુજરાતને સ્પર્શતા રાજ્યની બહાર થતા ક્રિકેટ સટ્ટા, ડબ્બા ટ્રેડિંગ, ડ્રગ્સ, પ્રોહિબિશન, જુગાર અને કબુતરબાજી જેવા ગુનાઓની સ્વાયત્ત તપાસ થઇ શકશે.

- સીધુ માર્ગદર્શન

સ્ટેટ મોનિટરિંગ સેલને રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયનું સીધુ માર્ગદર્શન મળશે તેમજ તપાસમાં પણ ગુપ્તતા જળવાઇ રહેશે.

# વોટસન મ્યુઝિયમ ખાતે આજથી મ્યુઝિયમ સપ્તાહ

## બાંધણી ટાઇંગ એન્ડ ડાઇંગ, માટીના ઘરેણા, ફેબ્રિક પેઇન્ટિંગ, બ્લોક પ્રિન્ટીંગ, ભરત કલા અને મહેંદી શીખવડાશે

રાજકોટ તા. ૬

ગુજરાત સરકારના પુરાતત્વ અને સંગ્રહાલય વિભાગ દ્વારા દેશના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસારૂપ કલાત્મક નમુનાઓના સંરક્ષણ અંગે જાગૃતિ કેળવવા અને લોકોમાં કલા પ્રવૃત્તિ અંગે રસ જગાવવાના ઉદ્દેશથી મ્યુઝિયમ સપ્તાહ - ૨૦૨૫ની ઉજવણી અંતર્ગત વિવિધ શૈક્ષણિક-સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના અનુસંધાને રાજકોટ શહેરમાં આવેલા વોટસન મ્યુઝિયમ દ્વારા ગુજરાત-સૌરાષ્ટ્રની વિવિધ લોકકલા-હસ્તકલા શીખવવાના હેતુસર તા. ૭ થી તા. ૧૩ જાન્યુઆરી સુધી કલા પ્રદર્શન-નિદર્શનના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે.

જે અન્વયે તા. ૭ જાન્યુઆરીના રોજ રણછોડદાસબાપુ હોમ સાયન્સ કોલેજની વિદ્યાર્થીનીઓને ગુજરાતી નારીને પ્રિય એવી બાંધણી તૈયાર કરવાની ટાઇંગ એન્ડ ડાઇંગની સમગ્ર પદ્ધતિ શીખવવામાં આવશે. તા. ૯ થી ૧૨ જાન્યુઆરી સુધી કૃપાલીબેન વઘાસીયા અને જિજ્ઞાશાબેન કટારીયા દ્વારા હોમ સાયન્સ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિદ્યાર્થીનીઓને દરરોજ વિવિધ કલાનું નિદર્શન કરવામાં આવશે. તા. ૯ જાન્યુઆરીના રોજ સવારે ૧૧.૩૦ કલાકથી બપોરે ૧.૩૦ કલાક સુધી અવનવી ડિઝાઇન અને રંગ ધરાવતા માટીના ઘરેણા તથા તા. ૧૦ જાન્યુઆરીના રોજ સવારે ૧૧.૩૦ કલાકથી બપોરે ૧.૩૦ કલાક સુધી સ્કાફ, રૂમાલ, સાડી વગેરે પર ફેબ્રિક પેઇન્ટિંગ કરતા શીખવવામાં આવશે.

આ ઉપરાંત, તા. ૧૧ જાન્યુઆરીના રોજ સવારે ૧૧.૩૦ કલાકથી બપોરે ૧.૩૦ કલાક સુધી બ્લોક પ્રિન્ટીંગનું નિદર્શન કરીને જાતે બ્લોક તૈયાર કરવાની તાલીમ આપવામાં આવશે. તા. ૧૨ જાન્યુઆરીના રોજ સવારે ૧૧.૩૦ કલાકથી બપોરે ૧.૩૦ કલાક સુધી દેશી ભરત કલાના નિદર્શનની સાથે શીખવવામાં આવશે. તેમજ તા.



૧૩ જાન્યુઆરીના રોજ સવારે ૧૧.૩૦ કલાકથી બપોરે ૧.૩૦ કલાક સુધી કલાકાર કિંજલ પીઠડીયા દ્વારા મહેંદી મૂકવાની કલા અને મહેંદીના કોન બનાવતા શીખવવામાં આવશે. આ પ્રસંગે મ્યુઝિયમના મુલાકાતીઓને દરરોજ સાંજે ૪ કલાકે મ્યુઝિયમની ડોક્યુમેંટરી ફિલ્મ દર્શાવવામાં આવશે. ત્યારે વોટસન મ્યુઝિયમના પરિસરમાં આયોજિત આ કલા નિદર્શન-પ્રદર્શનના વિવિધ કાર્યક્રમોનો લાભ લેવા જણાવાયું છે.

# જિલ્લાકક્ષાના પ્રજાસત્તાક પર્વની કોટડા સાંગાણી ખાતે ઉજવણી

## જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને ૨૬ જાન્યુઆરીની ઉજવણીના પૂર્વ આયોજનની યોજાઈ બેઠક

રાજકોટ તા. ૬

રાજકોટ જિલ્લા કક્ષાના ૭૬મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કોટડા સાંગાણીની ઠાકોર મુળવાજી વિનયન કોલેજ ખાતે કરાશે. કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને આગામી ૨૬મી જાન્યુઆરી રાષ્ટ્રીય પર્વની ઉજવણીના આયોજન અંગે કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે અધિકારીઓની બેઠક યોજાઈ હતી. જિલ્લાકક્ષાના ધ્વજવંદન સમારોહમાં સુરક્ષા જવાનોની પ્લાટુનની પરેડ યોજવાની સાથે વિવિધ વિભાગોના ટેબ્લો, સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ કામગીરી કરનાર કર્મયોગીઓને પ્રમાણપત્ર આપી મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવશે.

આ ઉપરાંત સરકારી કચેરીઓને રોશનીથી શણગારવામાં આવશે. દેશભક્તિના ગીતો સહિત સાંસ્કૃતિક કાર્યક્મો તથા વૃક્ષારોપણ કરાશે. જિલ્લા કલેકટરએ રાષ્ટ્રીય પર્વની ઉજવણી ગૌરવપૂર્ણ રીતે થાય તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી સુચનો અને માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર એ.કે.ગૌતમ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ.કે.વસ્તાણી, આસિસ્ટન્ટ કલેક્ટર મહેક જૈન, ડી.સી.એફ. તુષાર પટેલ, જિલ્લા પુરવઠા અધિકારી રાજેશ્રીબેન વંગવાણી સહિત વિવિધ કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



રાજકોટ મિરર
તંત્રીની કલમે

# HMPV ફફડાટ

## વિષય સનસનાટીનો નહીં સમજદારીનો છે



શિયાળાએ આકરું સ્વરૂપ દેખાડ્યું છે. ઠાર સાથે પવને ગુજરાતને ધ્રુજાવી દીધું છે. ગુજરાતમાં હજુ ઠંડી વધવા સાથે માવઠાની સંભાવના પણ વ્યક્ત થઈ રહી છે. શિયાળો ઈમ્યુનિટી પાવરફુલ બનાવવા સાથે તંદુરસ્તી ટનાટન કરવાની ઋતુ ગણાતી હતી. પણ બદલાયેલી જીવનશૈલીના કારણે ઠંડી મોસમમાં વધારે બીમાર થવાની પરંપરા શરૂ થઈ ગઈ છે.

મોસમી બીમારી સાથે અવનવા વાયરસના આક્રમણો પણ પ્રસરવા લાગ્યા છે બે દિવસથી સમગ્ર દેશના મીડિયામાં એચ.એમ.પી.વી. વાઈરસ ભારતમાં-ગુજરાતમાં ઘુસ્યાના સમાચારો છવાયા છે કોરોનાનો અનુભવ તાજો જ હોવાથી આ સમાચારો પ્રત્યે ગંભીરતા વધી ગઈ છે.

રોગચાળા સામે ગંભીરતા જરૂરી હોય છે પરંતુ એચએમપીવી વાયરસના સમાચારો જે રીતે ભારતીય મીડિયામાં રેલાઈ રહ્યા છે તેમાં સમજદારીને બદલે સનસનાટીનું તત્વ વધારે જોવા મળે છે. વાયરસ સામે ગંભીરતા સાથે સમજદારી પણ જરૂરી છે.

કોરોનાનો અનુભવ યાદ, અસંખ્ય લોકોના મોત કોરોનાને બદલે તેના ભયથી થયાનું ઘણાં નિષ્ણાંતો માને છે. આ બાબત મીડિયાની દેન ગણી શકાય. એચ.એમ.પી.વી. વાયરસમાં પણ બે દિવસથી શું બની રહ્યું છે ? આ વાયરસનું ફુલ ફોર્મ જાણ્યા વગર એટલે કે પૂરી માહિતી વગર દેશભરના મીડિયાએ મુખ્ય સમાચારોમાં સ્થાન આપી દીધું છે. ઘણા મીડિયાએ તો લોકોને સાવધ રહેવા પણ અપીલ કરી દીધી છે સાવધ રહેવા શું કરવું એ જાહેર કર્યું નથી.

આનો મતલબ શું ? લોકોએ કલ્પના કરીને ડરતા રહેવાનું ? લોકોએ કલ્પના કરીને ફફળતા રહેવાનું ? આપણે વાસ્તવિકતા જાણવી જ પડશે બદલાયેલી જીવનશૈલીના કારણે સરેરાશ ભારતીયોની ઈમ્યુનિટી લો થઈ ગઈ છે. આવા શરીરમાં કોઈપણ પ્રકારના રોગ ઝડપથી ઘૂસી જાય છે અસંખ્ય રોગના અસંખ્ય વાયરસ સતત ઘૂમતા રહે છે. એટલે કે રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય તેમાં વાયરસનો આક્રમણ આસાન બની જાય છે. અન્ય મોટા રોગ તો દૂરની બાબત છે, સામાન્ય શરદીમાં પણ યુવાન વ્યક્તિની સ્થિતિ ગંભીર બની જતી જોવા મળે છે.

આપણે પ્રગતિ કરી હશે, સમૃદ્ધ થયા હોઈશું પણ તન, મન અને ભાવનાત્મક આરોગ્ય આપણા બગડી રહ્યા છે. આ જીવનશૈલીને બ્રેક મારવામાં નહીં આવે તો વાયરસો, રોગ વગેરેથી ટેવાઈ જવું પડશે. ઠંડી ઋતુમાં કફજન્ય સમસ્યાઓ સર્જાતી હોય છે, કોરોના પણ કફમાંથી જ સર્જાયો હતો. એચ.એમ.પી.વી. વાયરસના લક્ષણો શરદી તથા શ્વાસમાં લેવામાં તકલીફ વગેરે છે. જે કફજન્ય જ ગણાય. વધારાના કફને તોડવાની ત્રેવડ શરીરે ગુમાવી તેથી આવા વાયરસને મોજ થઈ જાય છે. કારણ વગર ભયભીત થવાને બદલે સમજદાર બનો, સનસનાટીમાં ફસાતા નહીં.


॥ સંગઠન ના 6 મૂળ મંત્રો.॥

संघे शक्ति कलि युगे

1.સમાજ માટે લડાઇ લડો.
2.લડી ના શકો તો લખો.
3.લખી ના શકો તો બોલો.
4.બોલી ના શકો તો સાથ આપો.
5.સાથ પણ ના આપી શકો તો જે લડે છે..
લખે છે.બોલે છે.એમને સહયોગ આપો.
*6.અને એ પણ તમારા થી ના થાય તો કોઇ નુ મનોબળના તોડો.
કેમ કે ક્યાંય ને ક્યાંય કોઇ તમારા ભાગ ની લડાઇ લડી રહ્યા છે, તમારા માં સમર્થન કરવાની ત્રેવડ નથી તો તમને વિરોધ કરવાનો પણ કોઈ અધિકાર નથી..

unity is our power



શાસ્ત્રી ભકિતપ્રકાશ દાસજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક)
શ્રી સ્વામિનારાયણ આશ્રમ મેંદરડા /ખીરસરા

પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા


# ભારત ૨૦૨૬માં થશે નક્સલ મુક્ત : શાહ

## છત્તીસગઢ પોલીસ વાહન હુમલામાં ૮ સુરક્ષા કર્મચારીઓ અને એક ડ્રાઈવરનુ મોતઃ નક્સલીઓએ કર્યો IED વિસ્ફોટ

રાજકોટ, તા. ૬

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે સોમવારે છત્તીસગઢ પોલીસ વાહન હુમલામાં ૮ સુરક્ષા કર્મચારીઓ અને એક ડ્રાઈવરના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો હતો અને માર્ચ ૨૦૨૬ સુધીમાં ભારતમાંથી નક્સલવાદને ખતમ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. તેમણે કહ્યું કે ''આપણા સૈનિકોનું બલિદાન વ્યર્થ નહીં જાય.'' આજે વહેલી સવારે બસ્તર વિભાગના બીજાપુર જિલ્લામાં કુત્રુ-બેદ્રે રોડ પર બપોરના ૨.૩૦ વાગ્યાની આસપાસ નક્સલવાદીઓએ પોલીસ વાહન પર આઈઈડી વિસ્ફોટ કર્યો હતો, જેમાં આઠ સુરક્ષા જવાનો અને એક ડ્રાઈવરનું મોત થયું હતું. શોક વ્યક્ત કરતાં કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે સૈનિકોનું બલિદાન વ્યર્થ નહીં જાય. બીજાપુર (છત્તીસગઢ)માં IED બ્લાસ્ટમાં DRG સૈનિકોના શહીદ થવાના સમાચારથી મને ખૂબ જ દુઃખ થયું છે. હું બહાદુર સૈનિકોના પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું. આ દુઃખ શબ્દોમાં વ્યક્ત કરવું અશક્ય છે, પરંતુ હું તમને ખાતરી આપું છું કે આપણા સૈનિકોનું બલિદાન વ્યર્થ નહીં જાય. અમે માર્ચ ૨૦૨૬ સુધીમાં ભારતીય ધરતી પરથી નક્સલવાદને ખતમ કરીશું. છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈએ પણ હુમલાની નિંદા કરી હતી અને કહ્યું હતું કે સરકારની નક્સલ નાબૂદી યોજનાથી હતાશ થઈને નક્સલવાદીઓ આવા કાયરતાપૂર્ણ કૃત્યો કરી રહ્યા છે. બીજાપુર જિલ્લાના કુત્રુમાં નક્સલવાદીઓ દ્વારા કરવામાં આવેલા IED બ્લાસ્ટમાં ડ્રાઈવર સહિત ૮ જવાનોના શહીદ



થવાના સમાચાર ખૂબ જ દુઃખદ છે. મારી સંવેદના શહીદોના પરિવારો સાથે છે. હું શહીદ જવાનોની આત્માને શાંતિ આપે અને શોકગ્રસ્ત પરિવારોને શક્તિ પ્રદાન કરે તેવી ભગવાનને પ્રાર્થના કરું છું. બસ્તરમાં ચાલી રહેલા નક્સલ નાબૂદી અભિયાનથી નક્સલવાદીઓ હતાશ છે અને હતાશામાં આવીને તેઓ આવા કાયરતાપૂર્ણ કૃત્યો કરી રહ્યા છે. જવાનોનું બલિદાન વ્યર્થ નહીં જાય, નક્સલવાદને ખતમ કરવાની અમારી લડાઈ મજબૂત રીતે ચાલુ રહેશે.

હુમલા પછી, છત્તીસગઢના ડેપ્યુટી સીએમ અરુણ સાઓએ કહ્યું, ''નક્સલવાદીઓ દ્વારા કાયરતાપૂર્ણ હુમલાની માહિતી બીજાપુરમાંથી મળી છે. હું સૈનિકો પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરું છું... આ એક કાયરતાપૂર્ણ કૃત્ય છે.સૈનિકો તેને ખતમ કરવાની દિશામાં કામ કરી રહ્યા છે. નક્સલવાદીઓ.'' તેઓએ હતાશા અને નિરાશામાં આ કર્યું છે. પ્રારંભિક માહિતી દર્શાવે છે કે સૈનિકો પડોશી દંતેવાડા જિલ્લા તરફ આગળ વધ્યા હતા. જ્યારે IED વિસ્ફોટ થયો ત્યારે અમે જઈ રહ્યા હતા.''

# દેશના અનેક વિકાસ પ્રકલ્પોનું ખાતમુહુર્ત કરતા PM

## નવા જમ્મુ રેલવે ડિવિઝનનું ઉદઘાટનની સાથે ઈસ્ટ કોસ્ટ રેલ્વેના રાયગઢ રેલ્વે ડિવિઝનની ઈમારતનો શિલાન્યાસ કર્યો અને તેલંગાણામાં ચારલાપલ્લી નવા ટર્મિનલનું ઉદઘાટન કર્યું

નવીદિલ્હી, તા. ૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા રેલવેની વિવિધ પરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. પ્રધાનમંત્રીએ નવા જમ્મુ રેલવે ડિવિઝનનું ઉદઘાટન કર્યું. તેમણે ઈસ્ટ કોસ્ટ રેલ્વેના રાયગઢ રેલ્વે ડિવિઝનની ઈમારતનો શિલાન્યાસ પણ કર્યો અને તેલંગાણામાં ચારલાપલ્લી નવા ટર્મિનલ સ્ટેશનનું ઉદઘાટન કર્યું. શ્રી ગુરુ ગોવિંદ સિંઘજી જયંતિ નિમિત્તે તેમની શુભેચ્છાઓ વિસ્તરતા, પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમના ઉપદેશો અને જીવન એક મજબૂત અને સમૃદ્ધ રાષ્ટ્રના વિઝનને પ્રેરિત કરે છે. કનેક્ટિવિટીમાં ભારતની ઝડપી ગતિની પ્રગતિની પ્રશંસા કરતા, શ્રી મોદીએ કહ્યું કે ૨૦૨૫ ની શરૂઆતમાં, ભારત તેના મેટ્રો રેલ નેટવર્કને ૧૦૦૦ કિલોમીટરથી વધુ વિસ્તારવા સાથે તેની પહેલોને વેગ આપી રહ્યું છે. તેમણે ગઈકાલે દિલ્હી મેટ્રો પ્રોજેક્ટના લોન્ચિંગ તેમજ દિલ્હી-એનસીઆરમાં તાજેતરમાં નમો ભારત ટ્રેનના ઉદઘાટનનો ઉલ્લેખ કર્યો હતો. મોદીએ કહ્યું કે આજનો કાર્યક્રમ એ વાતનો વધુ એક પુરાવો છે કે સમગ્ર દેશ એકસાથે આગળ વધી રહ્યો છે, કારણ કે જમ્મુ અને કાશ્મીર, ઓડિશા અને તેલંગાણામાં શરૂ થયેલા પ્રોજેક્ટ્સ દેશના ઉત્તર, પૂર્વ અને દક્ષિણમાં અમલમાં છે પ્રદેશો માટે આધુનિક કનેક્ટિવિટીમાં એક મોટી છલાંગ. તેમણે પુનરોચ્ચાર કર્યો કે 'સબકા સાથ, સબકા વિકાસ'નો મંત્ર વિકસિત ભારતના સપનાને વાસ્તવિકતામાં ફેરવવામાં મદદ કરી રહ્યો છે. તેમણે અ ।



વિકાસ માટે આ રાજ્યોના લોકોને અને ભારતના તમામ નાગરિકોને અભિનંદન પાઠવ્યા હતા.

પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે દેશમાં સમર્પિત ફ્રેટ કોરિડોર જેવા આધુનિક રેલ નેટવર્ક પર કામ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. તેમણે કહ્યું કે આ વિશેષ કોરિડોર નિયમિત ટ્રેક પર દબાણ ઘટાડશે અને હાઇ-સ્પીડ ટ્રેનો માટે વધુ તકો પણ ઉભી કરશે. મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે મેડ ઈન ઈન્ડિયાના પ્રચાર સાથે રેલવેમાં ફેરફારો થઈ રહ્યા છે.

તેમણે કહ્યું કે મેટ્રો અને રેલવે માટે આધુનિક કોચ વિકસાવવામાં આવી રહ્યા છે. સ્ટેશનોનો પણ પુનઃવિકાસ કરવામાં આવી રહ્યો છે, સ્ટેશનો પર સોલાર પેનલ લગાવવામાં આવી રહી છે અને રેલ્વે સ્ટેશનો પર 'એક સ્ટેશન, એક પ્રોડક્ટ' સ્ટોલ ઉભા કરવામાં આવી રહ્યા છે. આ તમામ પહેલો રેલવે ક્ષેત્રમાં લાખો નવી રોજગારીની તકો ઊભી કરી રહી છે. છેલ્લા દાયકામાં, લાખો યુવાનોએ રેલવેમાં કાયમી સરકારી નોકરીઓ મેળવી છે. નવા ટ્રેન કોચ બનાવતી ફેક્ટરીઓમાં કાચા માલની માંગ અન્ય ક્ષેત્રોમાં પણ રોજગારીની વધુ તકો ઊભી કરે છે.

### આંતરરાષ્ટ્રીય વેપાર માટે સંભાવના ધરાવે છે ઓડીસા

પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ઓડિશા પાસે વિપુલ પ્રમાણમાં કુદરતી સંસાધનો અને વિશાળ દરિયાકિનારો છે અને તે આંતરરાષ્ટ્રીય વેપાર માટે નોંધપાત્ર સંભાવના ધરાવે છે. તેમણે જણાવ્યું હતું કે રાજ્યમાં ૭૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની કિંમતની રેલ્વે પ્રોજેક્ટ્સ ચાલી રહી છે, જેમાં સાત ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલની સ્થાપના કરવામાં આવી રહી છે, જે વેપાર અને ઉદ્યોગને પ્રોત્સાહન આપે છે. શ્રી મોદીએ કહ્યું કે આજે ઓડિશામાં રાયગઢ રેલ્વે વિભાગનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે, જે રાજ્યના રેલ્વે માળખાને મજબૂત બનાવશે, જેનાથી ઓડિશામાં પ્રવાસન, વેપાર અને રોજગારને વેગ મળશે, ખાસ કરીને દક્ષિણ ઓડિશામાં, જ્યાં આદિવાસી પરિવારોની સંખ્યા છે ઉચ્ચ છે.

# પ્રશાંત કિશોરે જામીન લેવાનો કર્યો ઈનકાર

## જેલમાં ચાલુ રહેશે ઉપવાસ : કિશોરે કહ્યું, યુવાનો સાથે થઈ રહેલા અન્યાય સામે અવાજ ઉઠાવવો ગુનો હોય તો જેલમાં જવું સ્વીકાર્ય

નવીદિલ્હી, તા. ૬

પ્રશાંત કિશોર BPSC ઉમેદવારોના મુદ્દે પીછેહઠ કરવાના કોઈ સંકેતો દેખાડી રહ્યા નથી. ખરેખર, ગઈકાલે ધરપકડ કરાયેલો પ્રશાંત કિશોર બપોરે મળી આવ્યો હતો. પરંતુ, પ્રશાંત કિશોરે જામીન લેવાનો ઈન્કાર કરી દીધો છે. મતલબ કે હવે પ્રશાંત કિશોર જેલમાં જશે. પ્રશાંત કિશોરના એડવોકેટ વાયવી ગિરીએ કહ્યું કે હવે પ્રશાંત કિશોરના ઉપવાસ જેલમાં પણ ચાલુ રહેશે. પ્રશાંત કિશોર કહે છે કે જો યુવાનો સાથે થઈ રહેલા અન્યાય સામે અવાજ ઉઠાવવો ગુનો હોય તો તેને જેલમાં જવું તે સ્વીકાર્ય છે. આવી સ્થિતિમાં પ્રશાંત કિશોરના આમરણાંત ઉપવાસ જેલમાં જ ચાલુ રહેશે.

આજે બપોરે જન સૂરજના કન્વીનર પ્રશાંત કિશોરને જામીન મળ્યા હતા. તેમને ગાંધી મેદાન કેસ નંબર ૫/૨૫માં આ જામીન મળ્યા હતા. SDJM પટના કોર્ટમાં હાજર થયા જ્ઉંખ આરતી ઉપાધ્યાય કોર્ટમાં હાજર થયા અને પીકેને ત્યાંથી જામીન મળી ગયા. પરંતુ, પ્રશાંત કિશોરે શરતી જામીન લેવાનો ઈન્કાર કર્યો હતો. તમને જણાવી દઈએ કે પ્રશાંત કિશોરની આજે સવારે જ ધરપકડ કરવામાં આવી હતી. તેમના પર ગાંધી મેદાનમાં પ્રતિબંધિત સ્થળે ઉપવાસ કરવાનો આરોપ હતો. ખરેખર, પ્રશાંત કિશોરના જામીનને લઈને નવો વળાંક આવ્યો છે. કોર્ટે પ્રશાંત કિશોરને જામીન આપ્યા છે, પરંતુ તેને બોન્ડ ચૂકવવાનું કહ્યું છે અને તેમાં જણાવાયું છે. તે કહે છે કે તમારે એક બોન્ડ ભરવું જોઈએ કે તમે કોઈપણ સંજોગોમાં પ્રતિબંધિત વિસ્તારમાં વિરોધ કરશો નહીં. જો પ્રશાંત કિશોર આ બોન્ડ નહીં ચૂકવે તો તેની સાથે શું કરવું તે કોર્ટ ફરીથી નક્કી કરશે. તમને જણાવી દઈએ કે પ્રશાંત કિશોરને ૨૫ હજાર રૂપિયાના પર્સનલ બોન્ડ પર જામીન મળ્યા હતા.



બિહારમાં ૨૦૨૫માં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. આ ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને રાજ્યના વિરોધ પક્ષોના નેતાઓ ઇડ્જ્ઈના વિદ્યાર્થીઓના આ આંદોલનને હાઈજેક કરવાનો સતત પ્રયાસ કરી રહ્યા છે. જન સૂરજના સ્થાપક પ્રશાંત કિશોરે કથિત પેપર લીકને કારણે પરીક્ષા રદ કરવાની માંગ સાથે ચાલી રહેલા આંદોલન વચ્ચે લગભગ એક અઠવાડિયા પહેલા વિદ્યાર્થી સંસદ બોલાવી હતી. વિદ્યાર્થી સંસદ પછી સીએમ હાઉસનો ઘેરાવ કરવા જઈ રહેલા વિદ્યાર્થીઓ પર પટના પોલીસે લાઠીચાર્જ કર્યો અને વોટર કેનનનો ઉપયોગ કર્યો. બિહાર વિધાનસભામાં વિપક્ષના નેતા, તેજસ્વી યાદવે પીકે પર વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરીને આંદોલનને હાઈજેક કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો અને તેને આંદોલનને કચડી નાખવાનો ખૂબ જ ચાલાક પ્રયાસ ગણાવ્યો હતો.

એવું પણ કહેવામાં આવ્યું હતું કે પ્રશાંત કિશોરે પહેલા વિદ્યાર્થીઓને ઉશ્કેર્યા હતા અને જ્યારે લાઠીચાર્જ કરવામાં આવ્યો ત્યારે પીકેએ પણ પ્રેસ કોન્ફરન્સ કરીને અને લાઠીચાર્જની નિંદા કરીને તેજસ્વી પર વળતો પ્રહાર કર્યો હતો. ઇડ્જ્ઈની પરીક્ષાઓ રદ કરવાની માંગને લઈને વિદ્યાર્થીઓના આંદોલનની વચ્ચે પીકે અને તેજસ્વી યાદવ વચ્ચેના ક્રેડિટ વોરને લઈને ઘણી ચર્ચા થઈ હતી.

## શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## ધર્મ કે જ્યાં જીવનને દિવ્ય બનાવવા જવાનું હતું ત્યાં જીવન ભવ્યની માંગથી પહોંચ્યાં!

મિત્રો- શુભ સવાર.
હે ઈશ્વર.



આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. છાપાં મુજબ કુંભ મેળામાં કરોડો લોકો આવવાનાં છે, અને એક ટેન્ટનું એક દિવસનું ભાડું એક લાખ રૂપિયા છે, જોકે બીજી પણ વ્યવસ્થા હશે! આપણે એમાં નથી જવું! મૂળ વાત આટલાં લોકો શું કામ આવે છે? શું એ સૌની માત્ર મોક્ષની ઈચ્છા હશે? કે પછી જીવતાં જ કંઈક દિવ્યતની અનૂભૂતિ કરવાં આવતાં હશે? શું છે આ બધાનું રહસ્ય? આ છે હિન્દુ સનાતન ધર્મની અસ્મિતા, અને એને જે પૂરી શ્રદ્ધાથી અનુસરે એને એનું વળગણ જીવનભર રહે છે! અને આપણે જોઈ શકીએ છીએ કે દિવસે દિવસે સનાતની અસ્મિતા પ્રબળ બનતી જાય છે કારણકે એ માત્ર ધર્મ કે શિષ્ટાચાર નથી! એ જીવનની સાચી સાર્થકતાનું પરિણામ છે! સનાતની પોતે પોતાની જાતને ઈશ્વરના સંતાન તરીકે સ્વીકારે, જેથી કરીને ઈશ્વર તેની સમસ્યાનું નિવારણ કરીને તેનું જીવન દિવ્ય બનાવે, અને એને અનુસરવાથી આપણું જીવન પણ સરળ બને છે, પણ હકીકતમાં જીવન સરળ નથી. તો પ્રશ્ન એ થાય કે આપણે શું આપણી સંસ્કૃતિ ને કે આપણા ધર્મને અનુસારતા નથી?? સમાજનું ઉપરછલ્લું ચિત્ર જોતા આ વાત ખોટી લાગે, કારણ કે ધર્મને કારણે આજે સમાજમાં ખૂબ બધા આયોજનો થાય છે, મોટી મોટી શિબિર અને સેમિનાર થતા હોય છે, ભાગવત કથાના આયોજન થતા હોય છે, અને એમાં જન્મેદની પણ ખાસ્સી જોવા મળે છે. એટલે એ પરથી કહી શકાય કે લોકોની ધર્મની રુચિ ખત્મ થઈ નથી! પરંતુ ધર્મ ક્ષેત્રમાં એવું કંઈક પ્રવેશી ગયું છે,કે જેને કારણે લોકો અનુસરવું જોઈએ તે અનુસરતા નથી! અને ત્યાંથી સમસ્યા શરૂ થાય છે. દર્દી ડોક્ટર પાસે જાય તો ડોક્ટરે તેનું નિદાન કરી અને એના રોગ નિવારણ માટે દવા આપવાની હોય, નહીં કે એ દર્દી જીવન ભર તેની પાસે આવતો રહે એવું કરવાનું હોય! બસ આ ઘાટ થયો છે ધર્મ ક્ષેત્રે,કે જ્યાં જીવનને દિવ્ય બનાવવાનું હતું ત્યાં એને ભવ્ય બનાવવાની ભૂલને કારણે, કોઈ ધર્મ પ્રેમી પોતાની અશાંતિની સમસ્યા લઈને કોઈ ધર્મ સંપ્રદાયના આખ્યાન, શિબિર,કે પ્રવચન વગેરેમાં જાય, એટલે એ ધર્મપ્રેમી એ જ ઠેકાણે દર વખતે જાય! એવું કરવામાં જે ધર્મ સંપ્રદાયને રસ છે, એણે ધર્મની વ્યાખ્યા બગાડી નાખી, અને એને કારણે સમાજ ધર્મને નામે વ્યક્તિ વિશેષની પૂજા કરતો થઈ ગયો. ધર્મના અનુયાયીઓ તો વધ્યા પણ જેમાં ધર્મ ઘટતો ગયો, અને દિવ્યતા ઘટતી ગઈ! જેને કારણે આટલી મોટી સંખ્યામાં લોકો ધર્મને નામે અધર્મનું આચરણ કરવા લાગ્યા જેણે આપણા પવિત્ર સનાતન ધર્મની સંસ્કૃતિને અંદરથી ખોખલી બનાવી નાખી છે.

તો સમસ્યા આ છે! આજે પણ લોકોને શંકર, રામ કૃષ્ણ કે દુર્ગા, ગણેશ કે પછી અન્ય ઈશ્વર સ્વરૂપ સામે વાંધો નથી. પરંતુ જે તે ધર્મ સંપ્રદાયના વડાઓ એ આ ભેદ લોકોના માનસમાં નાખ્યો, અને એને કારણે મૂલતઃ જે ઈશ્વર એક જ હતો, તેના ભાગ પડી ગયાં! અને એ બે સંપ્રદાયો વચ્ચે હંમેશા હું મહાનની સ્પર્ધા ચાલી! જે સંપ્રદાય સૌથી વધારે ધર્મપ્રેમી પોતાનામાં ખેંચી શકે એનો ધર્મ કે એનો સંપ્રદાય મહાન છે, ત્યાં ઈશ્વર પ્રાપ્તિ સરળ છે, એવું સાબિત થાય! એટલે જેમ સેલ સમયે અમુક ઓફર થતી હોય, એ રીતે અહીં પણ થવા લાગ્યું,અને ધર્મ એક ધંધો બની ગયો! અને સનાતન ધર્મીઓ એ નિરસતા બતાવી એટલે કે આવી સ્પર્ધામાં જોતરાયા નહીં, એટલે અન્ય ધર્મ અને સંસ્કૃતિની બોલબાલા વધી.

આજનાં સમયમાં લોકો ઉપવાસ એકટાણાં પણ ખૂબ કરે છે, એમ તો દાન ધર્મ પણ ખૂબ થાય છે, પણ બધું દિશા વગરની દોડ જેવું હોવાથી એટલું પરિણામ મળતું નથી, અને લોકો નિરાશ થાય છે. અથવા તો એમ કહો કે પ્રેઝન્ટેશનના આ યુગમાં લોકોએ ઈશ્વર અને ધર્મને પણ પ્રદર્શન અને પ્રસ્તુતિનો વિષય બનાવી દીધો હોવાથી, થોડું ઘણું ધર્મને નામે જે કંઈ થઈ રહ્યું હોય એ દંભ દેખાડો કે સ્ટેટસ સિમ્બોલ બની ગયું, અને એને કારણે ધર્મમાંથી મૂળ તત્વ ઘસાતું ગયું. તો બીજું કારણ છટકબારી પણ છે, એટલે કે સંયમ નિયમને માટે થઈને જે વ્રત, તપ, રૂપે ઉપવાસ એકટાણા કરવામાં આવે છે, એમાં વ્યંજનો વધતા ગયાં, અને આ નહીં તો! આ રીતે ખાવું પીવું! એવું બધું પ્રવેશી ગયું, જેને કારણે જાતને નિયંત્રિત કરવાની હતી એ થઈ નહીં, પણ ઉલ્ટાની ઈન્દ્રિયો વધુ ચંચળ બની. ટૂંકમાં કળિ પ્રભાવને કારણે મનની ચંચળતા પર એક નિષ્ઠ થવાયું નહીં, અને એને કારણે આ ધર્મ સારો! આ સંપ્રદાય સારો! અહીં વધુ લાભ છે! એવી અનેક નીતિઓને કારણે સનાતન ધર્મ સંસ્કૃતિ કે જે અનુસરવાથી આપણા જીવન માર્ગ પર ખરેખર દિવ્ય પ્રકાશ પાથરતી હતી, અને એ રીતે ગતિ કરવાથી નિશ્ચિતપણે એક દિવસ ઈશ્વર તત્વ મહેસુસ થવાનું હતું, એ બધું દૂર દૂર રહી ગયું, અને આપણે આ સારું કે તે સારું! વિચારવામાં જ રહી ગયા! પરંતુ રાત્રી પછી દિવસ થાય છે, તેમ આ રાત્રી છે, અને આપણી સંસ્કૃતિનો સૂર્યોદય બહુ જલ્દીથી થશે. દરેક યુગમાં આ રીતે ધર્મને નામે અધર્મ! કે અધર્મનો વ્યાપ વધે, ત્યારે ફરી પુનઃ સંસ્કૃતિની સ્થાપના થતી જ હોય છે, અહીં પણ થશે! આ સમય પણ એવો જ છે. ચોક્કસ પણે સનાતની મૂલ્યોને ઉજાળતી આપણી દિવ્ય સંસ્કૃતિનો ધ્વજ લહેરાશે, એ વાતમાં કોઈ બેમત નથી, કારણ કે કેટલાય બુદ્ધ પુરુષો આ માટે જન જાગરણ કરી રહ્યા છે. પરંતુ આ સોનેરી સવાર આવે એની માટે આપણું પણ કંઈક યોગદાન હોય તો કેવું સારું! જ્યારે પણ ઈતિહાસનું પાનું ખુલશે, ત્યારે એ દોરનો હિસ્સો આપણે પણ હતાં, એ કેટલું આલ્હાદક બને. સૌપ્રથમ થોડાક સંકલ્પ લેવા પડશે, જેમકે એમણે પોતાના ચરણને આચરણ પર મહત્વ આપતા માર્ગ બાજુ વાળવા પડશે! જે હાથ સતત બધું લેવા આગળ વધતા હતાં, એને આપવા માટે તૈયાર કરવાં પડશે, કાનને મારો કાપોની કર્કશ ધ્વનિથી દૂર લઈ જઈ, ભજન કીર્તનનાં આદિ બનાવવા પડશે! શ્વાસને સકારાત્મકતાનું સ્મરણ કરાવવું પડશે, અને આંખોને ઈશ્વર માત્ર બહાર મૂર્તિમાં જ નથી, અંદર પણ એ જ શ્વસે છે, એટલે અંદર ઝાકવું પડશે, અને ત્યાં જેને અનુસરવાથી દિવ્ય પ્રકાશ અનુભવાય એ જ આપણો ધર્મ છે! એ જ આપણી સંસ્કૃતિ છે! અને આખી જિંદગી એને જ અનુસરવું એવું ખુદને વચન આપવું પડશે! બસ આટલું જ કરવાનું છે! થશે ને??? ધર્મને નામે અધર્મમાં ક્યારેય જોતરાઈશ નહીં! તેમજ ધર્મ એ દંભ દેખાડો કરવાનું ક્ષેત્ર નથી, માટે એને સ્ટેટ્સ સિમ્બોલ નહીં બનાવું! અને જે મને માત્ર અનુયાયી બનાવે નહીં, પણ તું પણ ઈશ્વરનું જ સંતાન છે! એવું સમજાવે એ મારો ધર્મ છે. જેમ માતા પિતા પોતાના સંતાનની બધી જ ભૂલ માફ કરતા હોય છે, તેમ ઈશ્વર પણ બધા જ અપરાધ માફ કરશે! એનાથી કંઈ પણ છુપાવીશ નહીં, બધું જ આત્મ નિવેદન કરી શરણાગતિ સ્વીકારીને એ ચરણોમાં જ શાંતિ અને મુક્તિ બંને વસે છે! એમ જે નિર્ભય બનાવે, અભય પદ આપે, એ જ મારો સાચો સનાતન હિન્દુ ધર્મ છે, અને હું એને જ અનુસરીશ! તો આપણે સૌ આવા શુદ્ધ સંસ્કારનું યોગ્ય જતન કરીને પેઢી દર પેઢી વહન કરી શકીએ,અને સનાતન ધર્મનો પાયો મજબૂત બનાવી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

# HMPV વાયરસને ભરી પીવા સિવિલ હોસ્પિટલ સજ્જ

## રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ઓક્સિજન અને વેન્ટિલેટર સાથેના બેડ તૈયારઃ ગુજરાતમાં નોંધાયો એક કેસ



રાજકોટ મિરર, તા.૬

ચીનમાંથી ફેલાયેલ કોરોના વાયરસ હજુ પણ દુનિયા માટે એક રહસ્ય બનીને રહ્યો છે. એવામાં ચીને ફરી એકવાર ખતરાની ઘંટડી વગાડી દીધી છે. ચીનમાં ફરીથી રેસ્પિરેટરી ડિસીઝ સામે આવ્યો છે. આ નવા વાયરસનું નામ હ્યુમન મેટાપ્યુમોવાયરસ (ઈખઙટ) છે. કોરોના બાદ ચીનથી વધુ એક વાયરસ સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી શકે છે.

ભારતમાં પણ આ નવા વાયરસના ત્રણ કેસ નોંધાયા છે જેમાંથી એક કેસ ગુજરાતમાં પણ નોંધાયો છે.ત્યારે રાજકોટ સિવિલ હોસ્પિટલ તંત્ર પણ એલર્ટ થઈ ગયું છે.

આ અંગે સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો. મોનાલી માકડિયાએ જણાવ્યું હતું કે એચ.એમ.પી.વી વાયરસને અનુષંધાને નવી એમ.સી.એચ. બિલ્ડીંગમાં એચ.ડી.યુ વિભાગ ખાતે ૧૦ ઓક્સીજન અને વેન્ટિલેટર સાથે બેડ તૈયાર કરીને રિજર્વ રાખવામા આવેલ છે. જરૂર પડ્યે વધુ બેડની જરૂરિયાત ઊભી થાય તો તુરંત પહોચી વળવા માટે વધારાની સુવિધા પણ ઊભી કરવામાં આવશે. એચ.એમ.પી.વી વાયરસ માટેની ટેસ્ટ હોસ્પીટલમાં જ થઈ શકે તે માટે જરૂરી કીટની ખરીદી અને બીજી અનુષંગીક પ્રક્રિયા કરવામાં આવી છે.

# મોરારિનગરમાં ઘરફોડ ચોરી કરનાર જૂનાગઢનો રીઢો તસ્કર કિરણ ઝડપાયો

### રાજકોટમાં ઓરડી ભાડે રાખી રહેતોʼતો : કિરણ અગાઉ ચોરી, દારૂ સહિત આઠેક ગુનામાં સંડોવાઈ ચૂક્યો છે

રાજકોટ મિરર, તા.૬

પખવાડિયા પહેલા ભક્તિનગર પોલીસ સ્ટેશન હેઠળ કોઠારીયા રોડ મોરારીનગર-૬માં જલારામ કૃપા નામના કૌશલભાઇ મહેશભાઇ માધાણીના મકાનના તાળા તોડી રોકડા ૬૫ હજાર તેમજ ચાંદીના દાગીના મળી કુલ ૭૦ હજારની ચોરી કરવામાં આવી હતી.

આ ગુનાનો ભેદ એલસીબી ઝોન-૧ ટીમે ઉકેલી હાલ નાડોદાનગર પૂલ પાસે દુધીબેનની ઓરડીમાં ભાડેથી રહેતાં મુળ જુનાગઢ કાળવા ચોક દશામાના મંદિર પાસે રહેતાં કિરણ કાળુભાઇ સોલંકી (ઉ.વ.૨૩) નામના દેવીપૂજક શખ્સને નાડોદાનગર મેઇન રોડ પરથી પકડી લઇ ચાંદીની ઝાંઝરી, સાંકળા, હાથના કડલા, રોકડા રૂપિયા ૪૫ હજાર મળી કુલ ૪૮ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

ચોરીના ગુના ડિટેક્ટ કરવા ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. મનરૂપગીરી ગોસ્વામી, કોન્સ. સત્યજીતસિંહ જાડેજા, રવિરાજભાઇ પટગીર અને દિવ્યરાજસિંહ જાડેજાને માહિતી મળતાં કિરણ સોલંકીને પકડી લીધો હતો. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ આ શખ્સ રીઢા ગુનેગારની છાપ ધરાવે છે. મોજશોખ પુરા કરવા ચોરીઓ કરતો રહે છે. અગાઉ તે જુનાગઢ, પોરબંદર, રાજકોટમાં ચોરી, દારૂ, માદક પદાર્થ સહિતના ૮ ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે.ડીસીપી સજ્જનસિંહ પરમારની સુચના અનુસાર પીએસઆઇ બી. વી. ચુડાસમા, એએસઆઇ ભરતભાઇ વાઘેલા, જયપાલસિંહ ઝાલા, હેડકોનસ. મનરૂપગીરી ગોસ્વામી, કોન્સ. રવિરાજભાઇ પટગીર, સત્યજીતસિંહ જાડેજા અને દિવ્યરાજસિંહ જાડેજાએ આ કામગીરી કરી હતી.

### ઘર હોય ત્યાં વાસણ ખખડે...પતિ-પત્નિ વચ્ચે વિખવાદ થાય પણ એ શાંત ન પડે તો આવે માઠુ પરિણામ

# કલેશમાં પતિએ જીવ દીધો, પત્નિએ લગાવી સાતમા માળેથી છલાંગ

## જો કે ઇજાઓ સાથે મહિલાનો જીવ બચી ગયોઃ દંપતિ વચ્ચેની ચડભડને કારણે પરિવારનો માળો વિખેરાઇ ગયો

રાજકોટઃ દામ્પત્ય જીવનમાં અમુક પતિ-પત્નિ વચ્ચે કોઇને કોઇ વાતે ચડભડ થતી રહેતી હોય છે. સામાન્ય વાતે થતી જીભાજોડી બાદ પતિ-પત્નિ નમતું જોખી એક બીજાને માફ કરી દેતાં હોય છે અને વિવાદ શાંત પડી જતો હોય છે. પરંતુ ઘણીવાર વાત વણસી જતી હોય છે અને પતિ કે પત્નિ આકરૂ વણવિચાર્યુ પગલુ ભરી લેતાં હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં પતિ-પત્નિ વચ્ચે બોલાચાલી થયા બાદ પતિએ આપઘાત કરી લીધો હતો. આ પછી અંતિમ સંસ્કાર માટે પતિને લઇ જવાયા ત્યારે પત્નિએ પણ ફ્લેટના સાતમા માળેથી છલાંગ લગાવી દીધી હતી. જો કે તેણીનો ગંભીર ઇજા સાથે બચાવ થયો હતો. આ ઘટનાને પગલે અરેરાટી વ્યાપી ગઇ હતી. કલેશની આગ કઇ હદ સુધી જઇ શકે અને કેવા માઠા પરિણામ આપી શકે તેની પ્રતીતિ આ ઘટના પરથી થઇ રહી છે. બીજા બનાવમાં પત્નિ ત્રાસરૂપ બનતાં પતિએ ગળાફાંસો ખાઇ દુનિયા છોડી દીધી હતી. ત્રીજા બનાવમાં પ્રેમિકા સાથે લપ થતાં પ્રેમીએ જીવ દીધો હતો.

વિગતો પર નજર કરીએ તો ભાવનગરમાં એક મહિલાએ ફ્લેટના સાતમા માળેથી કુદીને આપઘાતનો પ્રયાસ કરતાં ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે. પતિએ આપઘાત કર્યો હોઇ તેના મૃતદેહને અમદાવાદથી મુળ વતન ભાવનગર ખાતે લાવવામાં આવ્યો હોઇ તે વખતે તેણીએ આ પગલુ ભરી લીધું હતું. પોલીસે જાહેર કરેલી વિગતો અનુસાર અમદાવાદ ખાતે રહેતા દંપતિ વચ્ચે ઝઘડો થયા બાદ પતિએ અમદાવાદમાં આત્મહત્યા કરી લીધી હતી અને ત્યાર બાદ તેના અંતિમ સંસ્કાર માટે પરિવારના સભ્યો ભાવનગર ખાતે આવતાં ભાવનગરમાં પત્નિને લાગી આવતા તેણે ફ્લેટના સાતમાં માળેથી કુદકો મારી આત્મહત્યાનો -યાસ કર્યો હતો. સાતમાં માળેથી કુદેલી મહીલાને પગ તેમજ હાથના ભાગે ગંભીર ઇંજાઓ પહોંચતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતા.



### અન્ય બનાવમાં પત્નિના ત્રાસને કારણે વિડીયો બનાવી પતિએ કરી લીધો આપઘાતઃ ત્રીજી ઘટનામાં ફોનમાં વાતચીત વખતે પ્રેમિકા સાથે ઝઘડો થતાં પ્રેમીએ છોડી દીધી દુનિયા

નિલમબાગ પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે મુળ ભાવનગરના વતની રવીભાઇ ચૌહાણ અને તેમના પત્નિ સોહાનીબહેન અમદાવાદ ખાતે રહેતા અને કોઇ કારણસર તેમની વચ્ચે ઝઘડો થતાં લાગી આવવાના કારણે રવીભાઇએ અમદાવાદ ખાતે આત્મહત્યા કરી લીધી હતી. બનાવની જાણ થતાં પરિવારના સભ્યો અમદાવાદ ખાતે ગયા હતા અને ત્યાર બાદ અંતિમ સંસ્કાર ભાવનગર ખાતે કરવાનું નક્કિ થતાં તમામ લોકો ભાવનગર આવ્યા હતા અને અંતિમ સંસ્કાર કરવામાં આવ્યાં હતા.

પતિએ અંતિમ સંસ્કાર માટે લઇ જવાયા બાદ માઠુ લાગી જતાં સોહાનીબહેને અક્ષરદીપ કોમ્પલેક્સના સાતમા માળેથી નીચે પડતુ મુકતા આ બનાવના કારણે ભારે ઉત્તેજના ફેલાઇ ગઇ હતી અને ઇજાગ્રસ્ત સોહાનીબહેનને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતા. આ બનાવના કારણે તેમને હાથ અને પગના ભાગે ગંભીર ઇંજા પહોંચી હતી. પોલીસે નિવેદન લેતા મહીલાએ પતિના અવસાનના કારણે લાગી આગવવાના કારણે તેમણે આ પગલુ ભર્યું હોવાનું જણાવ્યું હતું. સાતમાં માળેથી કુદેલી મહીલાનો આજે ચમત્કારીક બચાવ થયો હતો .

આ ઘટનામાં પરિવારનો માળો વેરણછેરણ થઇ ગયો હતો. બીજી તરફ બોટાદમાં એક વ્યક્તિએ પોતાની પત્નિના ત્રાસથી કંટાળીને ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો છે. શખસે એક વીડિયો બનાવી પોતાની પત્નિ પર ગંભીર આરોપ લગાવ્યા અને પરિવારજનોને તેને પાઠ ભણાવવાની વિનંતી કરી છે. ગુજરાત પોલીસે શખસની પત્નિ સામે આત્મહત્યા માટે ઉશ્કેરણીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. બોટાદમાં ઝમરાળા ગામમાં ઓગણચાલીસ વર્ષીય સુરેશ સુરેશ સાથળિયા સાથે લગ્ન બાજુના નવાગામની યુવતિ સાથે થયા હતાં. લગ્નના અમુક વર્ષો બાદ બંને વચ્ચે ઝઘડો થવાનું શરૂ થઈ ગયું હતું. પતિએ વીડિયો બનાવી આરોપ લગાવ્યો છે કે, મારી પત્નિ કોઈને કોઈ કારણોસર પિયર જતી રહે છે. હું વારંવાર મનાવું છું છતાં તે પરત આવવા માટે તૈયાર નથી થતી. આ વખતે પણ મારી પત્ની ઝઘડો કરીને પિયર જતી રહી હતી. મે અનેકવાર સમજાવ્યું છતાં તે પરત આવવા માટે તૈયાર નહતી. જ્યારે હું તેને લેવા સાસરે ગયો, તો પત્નિએ પાછું આવવાનો સ્પષ્ટપણે ઈનકાર કરી દીધો. તે મને માનસિક રીતે ત્રાસ આપે છે અને મારી પત્નિ જ મારા મોત માટે જવાબદાર રહેશે. હું પરિવારજનોને વિનંતી કરૂ છું કે, આ માટે મારી પત્નિને પાઠ ભણાવજો. બાદમાં સુરેશે ઘરે આવી ગળે ફાંસો લગાવીને આપઘાત કરી દીધો હતો.

આત્મહત્યા બાદ સુરેશના પરિવારજનોને તેના ફોનમાંથી આ વીડિયો મળ્યો.

સુરેશના પિતાએ શુક્રવારે પોલીસ સ્ટેશનમાં આ મામલે એફઆઈઆર નોંધાવી હતી. ફરિયાદમાં તેણે પોતાની વહુ પર દીકરાને માનસિક રૂપે ત્રાસ આપવાનો આરોપ લગાવ્યો હતો. પરિવારે ફરિયાદમાં નોંધાવ્યું કે, વહુ વારંવાર દીકરા સાથે ઝઘડો કરતી હતી અને પિયરે જતી રહેતી હતી. સુરેશ સાસરે પત્નિને મનાવવા માટે ગયો હતો, પરંતુ તેણે પરત આવવાનો ઈનકાર કરી દીધો. જેનાથી નિરાશ થઈ સુરેશે ઘરે આવી ગળે ફાંસો ખાધો હતો.

આત્મહત્યાની અન્ય એક ઘટનામં મોરબીના ઘુંટુ ગામની સીમમાં પ્રેમિકા સાથે ફોનમાં અણબનાવને પગલે યુવાને ગળેફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. મોરબીના વિસીપરા વિસ્તારમાં રહેતા પાંત્રીસ વર્ષીય યુવાનનું સળગી જતા મોત થયું હતુ. મૂળ યુપીના વતની અને હાલ ઘુંટુ ગામની સીમમાં સનારીયા સિરામિક કારખાનામાં રહીને મજુરી કામ કરતા પચ્ચીસ વર્ષના પીયાંશુ જયગોવિંદ પટેલ નામના યુવાને પોતાની લેબર કોલોનીના પંખા સાથે લટકી ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.

પોલીસે તપાસ કરતાં એવી વિગતો ખુલી હતી કે મૃતક પીયાંશુને કોઇ છોકરી સાથે પ્રેમ સંબંધ હતો અને ફોનમાં વાતચીત કરતો હતો જે બાબતે કોઇ અણબનાવ બનતા મનોમન લાગી આવતા આપઘાત કરી લીધાનું ખુલ્યું છે.

### હવસખોરોની હડીયાપટ્ટીઃ વધુ એક માસુમ બાળકી બની ગઇ શૈતાનિયતનો શિકાર

# બાર વર્ષની બાળાનું અપહરણ કરી સામુહિક દૂષ્કર્મ

## ઘર પાસેથી નીકળતો ઢગો બાળાને ભાગ લઇ દેતો હતોઃ તક જોઇ ઉઠાવી ગયોઃ કુલ ત્રણ બળાત્કારીઓની શોધખોળ

રાજકોટઃ હવસખોરો, શૈતાનો અવાર-નવાર પોત પ્રકાશી ક્રુર અને પિશાચી ઘટનાઓને અંજામ આપતાં હોય છે. માસુમ બાળાઓ, બાળકો, યુવતિઓને અવાર-વનાર હવસખોરીનો શિકાર બનાવમાં આવે છે. તાજેતરમાં જ ભરૂચના ઝઘડીયામાં એક અત્યંત ખોફનાક ઘટના ઘટી હતી. જેમાં ભોગ બનનાર માસુમનો ભોગ લેવાઇ ગયો હતો. હવસખોર હત્યારાને પોલીસે દબોચી લીધો હતો. બીજી તરફ હવે બાર વર્ષની એક બાળકી પર સામુહિક દૂષ્કર્મનો બનાવ બનતાં ખળભળાટ મચી ગઇ છે. પાલીતાણા પંથકની આ ઘટનાને પગલે હવસખોરોને શોધી કાઢવા પોલીસની ટીમો કામે લાગી હતી. આ ઘટનાને પગલે હવસખોરો પર ફીટકાર વરસી રહ્યો છે. અવાર-નવાર રાજયમાં બની રહેલી આ પ્રકારની ઘટનાઓને કારણે બાળાઓ, છાત્રાઓ, યુવતિઓને હવસખોરો આ રીતે દૂષ્કર્મનો ભોગ બનાવી રહ્યા છે. જેમાં વધુ એક ઘટનાએ સૌને ચોંકાવી દીધા છે.



### બીજી તરફ અગિયાર વર્ષની બાળા સાથે બિભત્સ અડપલા કરનારા રિક્ષાચાલકને અદાલતે ફટકારી વીસ વર્ષની સખત કેદની સજા

સામુહિક દૂષ્કર્મની આ ઘટના પર નજર કરીએ તો પાલિતાણા પંથકની બાર વર્ષની બાળકી સાથે સોનગઢ રોડ પર રેલવે ફાટક પાસે ત્રણ શખ્સોએ દુષ્કર્મ આચર્યાં અંગેની ફરિયાદ પાલિતાણા ટાઉન પોલીસ મથકમાં નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે. પાલિતાણા પંથકની બાર વર્ષની બાળકીને મોડી રાત્રિના જયપાલ સિંધી નામનો શખ્સ કાયદેસરના વાલીપણામાંથી પોતાની બાઈક પર બેસાડીને પાલિતાણાના સોનગઢ રોડ રેલવે ફાટક પાસે લઈ ગયો હતો. જ્યાં બાળકી સાથે જયપાલ તથા અજાણ્યા બે શખ્સો દ્વારા બાળકીની મરજી વિરૂદ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો.

બનાવ અંગે બાળકીની માતાએ પાલિતાણા ટાઉન પોલીસ મથકમાં જયપાલ સિંધી તથા બે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પાલિતાણા ટાઉન પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. આ અંગે પોલીસ સુત્રોએ વધુમાં વિગત આપતા જણાવ્યું હતું કે, બાળકી પાંચમાં ધોરણમાં અભ્યાસ કરે છે અને આરોપી જયપાલ અવારનવાર તેના ઘર પાસેથી પસાર થતો હોય અને બાળકીને ભાગ લઈ દેતો અને પૈસા વાપરવા આપતો અને ક્યારેક સ્કુલેથી બાળકી છૂટે ત્યારે બાઈકમાં મુકી જતો અને આવી રીતે બાળકીનો વિશ્વાસ કેળવી પરિચયમાં આવ્યો હતો, ત્યારે દુષ્કર્મના બનાવને લઈને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે ટીમો બનાવી ત્રણેય હવસખોરોને શોધી કાઢવા દોડધામ શરૂ કરી છે. માસુમ બાળકીઓને આવા શૈતાનોની નજરથી બચાવી રાખવી જરૂર છે. શૈતાનો સૌની વચ્ચે હોવા છતાં તેને ઓળખી શકાતા નથી. બીજી તરફ અગિયાર વર્ષની બાળકી સાથે તેતાલીસ વર્ષના સ્કૂલ રિક્ષાચાલકે બિભત્સ અડપલા કર્યા હતાં. આ કેસમાં હવસખોરને અદાલતે આકરી સજા ફટકારી છે. માર્ચ-૨૦૨૪ દરમિયાન સ્કુલ રીક્ષામાં આવતી-જતી અગિયાર વર્ષ આઠ માસની બાળકીની મરજી વિરુધ્ધ તેના પ્રાઈવેટ પાર્ટ સાથે ચારેક માસ છેડછાડ કરી કોઈને કહીશ તો સળગાવી નાખવાની ધમકી આપનાર તેતાલીસ ર્ષીય આરોપી ઓટો રિક્ષાચાલકને આજે પોક્સો કેસોની ખાસ અદાલતના એડીશનલ સેશન્સ જજ અતુલકુમાર આર.પટેલે તમામ ગુનામાં વીસ વર્ષની સખ્ત કેદ, કુલ રૂપિયા ૫૦ હજાર દંડ ન ભરે તો વધુ બે વર્ષની કેદ તથા ભોગ બનનારને ત્રણ લાખ વળતર ચુકવવા હુકમ કર્યો છે. સગરામપુરા મૌલવી સ્ટ્રીટમાં રહેતા ૪૩ વર્ષીય ઓટો રીક્ષા ચાલક મોહમંદ અખ્તરરઝા ઉર્ફે પોપટ ગુલામ મોહંમદ મનીયાર વિરુધ્ધ ગઈ તા.૭-૩-૨૪ના રોજ ભોગ બનનાર ૧૧ વર્ષ ૮ માસની વયની સ્કુલ રીક્ષામાં આવતી જતી બાળકીના ગુપ્તાંગ સાથે ફીંગરીંગ કરીને છેડછાડ કરી કોઈને કહે તો સળગાવી મારી નાખવાની ધમકી આપી પોક્સો એક્ટની વિવિધ કલમના ભંગ બદલ ભોગ બનનાર બાળકીની ફરિયાદી માતાએ અઠવા પોલીસમાં ફોજદારી ફરિયાદ નોંધાવી હતી.

આરોપી છેલ્લાં ચારેક માસથી સ્કુલ રીક્ષામાં આવતી-જતી બાળકીના ગુપ્તાંગ સાથે છેડછાડ કરવાની ઘટનાને મોબાઈલના કેમેરામાં કેદ કરી લેવામાં આવી હતી. આ કેસમાં અઠવા પોલીસે જેલભેગા કરેલા આરોપી ઓટો રીક્ષાચાલક મોહમંદ અખ્તરરઝા ઉર્ફે પોપટ મણીયાર વિરુધ્ધ હાથ ધરવામાં આવેલી સ્પીડી ટ્રાયલ દરમિયાન આરોપીએ ગુનાનો ઈન્કાર કરીને ભાડુઆતની તકરારમાં હાલનો ખોટો કેસ કર્યો હોવાનો બચાવ લીધો હતો. જ્યારે સરકારપક્ષે એપીપી સંતોષ કે.ગોહીલે કુલ ૧૯ સાક્ષી તથા ૪૫ દસ્તાવેજી પુરાવા રજુ કર્યા હતા. જેથી કોર્ટે આરોપી સ્કુલ રીક્ષા ચાલકને ગુનામાં દોષીત ઠેરવ્યો હતા. કોર્ટે જણાવ્યું હતું કે ભોગ બનનાર ધો.૪માં અભ્યાસ કરતી કુમળી વયની બાળકી સાથે આરોપીએ ચાર માસ સુધી ધાકધમકી આપીને જાતીય વાસવા સંતોષવા જાતીય હુમલો કર્યો છે.બાળાએ ડરના માર્યા પોતાના માતા પિતા કે વાલીને પણ આ હકીકત કહી શકી નથી.જેથી તેણે વેઠેલી માનસિક યાતનાને ધ્યાને લેતાં આરોપીનું કૃત્ય બાળ, સ્ત્રી તથા સમાજ વિરોધી અધમ કૃત્ય છે. હાલના સમયમાં માતા-પિતા પોતાના બાળકોને સ્કુલે લેવા મુકવા માટે સ્કુલ રિક્ષાચાલક પર ભરોસો કરે છે.આરોપીના કૃત્યથી વાલીઓના વિશ્વાસનો ભંગ થવા સાથે સમાજ પર વિપરિત અસર થાય તેમ છે.

# પાન-મસાલાના વેપારીઓ પર SGST ત્રાટકી : ૯ કરોડની કરચોરી પકડાઈ

## અમદાવાદમાં ૧૦ સ્થળો પર સર્ચ ઓપરેશન : રાજકોટ સહિત અન્ય શહેરોમાં તપાસ હાથ ધરાશે

દરેક સેન્ટ્રલ એજન્સી તેમને આપવામાં આવેલા ટાર્ગેટને પૂર્ણ કરવા માટે દરેક સંભવત પ્રયત્નો કરી રહ્યું છે ત્યારે જીએસટી વિભાગમાં પછી સ્ટેટ હોય કે સેન્ટ્રલ હોય કે પછી ઈન્કમટેક્ષ વિભાગ હોય ત્રણેય પોતાના લક્ષ્યાંકને હાંસલ કરવા માટે ભારે મહેનત કરી રહ્યા છે. ત્યારે ગઈકાલે રાજ્યમાં પાનમસાલા તથા તમાકુના ડીલરો પર સ્ટેટ જીએસટી વિભાગ ત્રાટક્યુ હતું. આ તમામ ૧૦ ડિલરો હાલ અમદાવાદના હોવાનુ માનવામાં આવી રહ્યું છે. જેમાંથી કુલ ૯.૨૨ કરોડની કરચોરી પકડી પાડવામાં આવી છે.

જીએસટી વિભાગના સુત્રોના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં અન્ય શહેરોમાં આ તમામ પાનમસાલા કે પછી તમાકુના ડિલરોન સાંઠગાંઠ ખુલશે તો તેમના ઉપર પણ દંડાત્મક પગલાંઓ લેવામાં આવશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. ડિસેમ્બર મહિનામાં સમગ્ર રાજ્યમાં પાનમસાલાના વેપારીઓ પર જીએસટી વિભાગે તવાઈ બોલાવી હતી. જેમાંથી ૬.૭૦ કરોડથી વધુની કરચોરી પકડી પાડી હતી. રાજ્યના ૪૩ વેપારીઓ પર ડિસેમ્બરના સમયગાળામાં સ્ટેટ જીએસટી વિભાગે સર્ચ ઓપરેશન હાથ ધરી વેપારીઓની કમર તોડ નાખી હોવાનું સુત્રો જણાવી રહ્યા છે.



# રાજકોટ જિલ્લાના ૧૬ ગામોમાં રોજગાર દિવસની ઉજવણી કરવામાં આવી

## મનરેગા અંતર્ગત જોબકાર્ડ, ૧૦૦ દિવસ રોજગારી વિષે માર્ગદર્શન અપાયું

રાજકોટ તા. ૬

મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત દર માસના પ્રથમ શનિવારને રોજગાર દિવસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. જે અન્વયે રાજકોટ જિલ્લામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી એ.કે. વસ્તાણીના માર્ગદર્શનમાં ''મહાત્મા ગાંધી નરેગા યોજના'' ગ્રામ્ય કક્ષાએ કામની માંગની સચોટ નોંધણી કરવા અને ''મનરેગા યોજનામાં'' શ્રમિકો - કામદારોના અધિકારોને અસરકારક રીતે પહોંચાડવા અને ફરિયાદોનું નિવારણ કરવા રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકાના ૧૬ ગામોમાં રોજગાર દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

રોજગાર દિવસની ઉજવણીના કાર્યક્રમમાં ગ્રામજનો, શ્રમિકોને મનરેગા યોજના અને વિવિધ કામો વિશે વિશેષ માહિતગાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા તથા તાલુકા કક્ષાના અધિકારીઓ, કર્મચારીશ્રીઓએ ઉપસ્થિત રહીને ગ્રામજનોને વિવિધ યોજનાકીય માહિતી જેવી કે જોબકાર્ડ, ૧૦૦ દિવસની રોજગારી, વિવિધ કામોની શક્યતાઓ અને કામનું આયોજન જેવી બાબતો વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં મનરેગા યોજનાના કામોની ચર્ચા તથા રજુ થયેલ પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવ્યું હતું. આગામી દર માસના પ્રથમ શનિવારે રોજગાર દિવસ તરીકે બાકી ગામોમાં ઉજવણી કરાશે. આ કાર્યક્રમોમાં ગ્રામ પંચાયત પ્રમુખ, સરપંચ, તલાટી, ગ્રામ રોજગાર સેવક મેટ, સ્વ સહાય જૂથ ફેડરેશનના સભ્યો, સામાજિક ઓડીટ ટીમ, તાલુકા રિસોર્સ પર્સન અને વિલેજ રિસોર્સ પર્સન સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## વાહન અકસ્માતના બનાવોમાં ઘવાયેલા લોકોએ સિવિલ હોસ્પિટલમાં લીધા અંતિમ શ્વાસ

# હિટ એન્ડ રનઃ ફર્નિચરના કારીગર અને મહિલાના મોત

## બીજી ઘટનામાં હાર્ટએટેક એક મહિલા માટે જીવલેણ નીવડ્યોઃ એક મહિલાનું બેભાન હાલતમાં થયું મોત



### વિચીત્ર અકસ્માતમાં બોલેરો અને ટુવ્હીલર અથડાતાં છ લોકો થયા ઘાયલ

રાજકોટઃ શહેરમાં તેમજ આસપાસના ગામોમાં રોજબરોજ વાહન અકસ્માતના બનાવો બનતા રહે છે. મોટા ભાગનાને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં હોય છે. જેમાં અનેક લોકો ઘાયલ લોકો સારવાર બાદ સાજા થઇ જતાં હોય છે તો અમુક બનાવમાં આવા અકસ્માતો જીવલેણ નિવડતાં હોય છે. વધુ આવા બે બનાવ નોંધાયા છે. જેમાં હિટ એન્ડ રનની ઘટનામાં ફર્નિચર કામના એક કારીગર અને રસ્તો ઓળંગી રહેલા એક મહિલા અજાણ્યા વાહનોની અડફેટે આવી જતાં ગંભીર ઇજાઓ સાથે પીડીયુ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવ્યા હતાં. પરંતુ બંનેના મૃત્યુ થયા હતાં. ત્રીજા બનાવમાં હૃદય ધબકારા ચુકી જવાથી એક મહિલાનો જીવ ગયો હતો. તો અન્ય મહિલાનું બેભાન હાલતમાં મૃત્યુ થયું હતું. વાહન અકસ્માતની એક વિચીત્ર ઘટનામાં બોલેરો ગાડી અને ટુવ્હીલર અથડાઇ પડતાં છ લોકોને ઇજા પહોંચી હતી.

પ્રથમ બનાવ પર નજર કરીએ તો કોઠારીયા સોલવન્ટ નજીક રોડ પર હિટ એન્ડ રનની ઘટનામાં ફર્નિચરના કારીગર મુળ મધ્યપ્રદેશના આધેડનું ગંભીર ઇજા થતાં મોત થયું હતું. ગોંડલ રોડ પર આવેલા બજરંગ ફર્નિચર નામના કારખાના પાસે રહેતાં અને ફર્નિચર કામની મજુરી કરી ગુજરાન ચલાવતાં મુળ મધ્યપ્રદેશના પિસ્તાલીસ વર્ષના બલવીરભાઇ જીલુભાઇ પારઘી રાતે નવેક વાગ્યે કોઠારીયા સોલવન્ટ નજીક રોડ પર ચાલીને જઇ રહ્યા હતાં ત્યારે અજાણ્યો વાહનચાલક ઠોકરે લઇ ભાગી જતાં તેને ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ટુંકી સારવાર બાદ મોત થયું હતું. મૃત્યુ પામનાર બલવીર ભાઇ બે ભાઇમાં મોટા હતાં. તેને સંતાનમાં એક પુત્રી છે. પત્નિ, પુત્રી સહિતના પરિવારજનો વતન એમપીમાં રહે છે. પોતે અહિ રાજકોટ રહી ફર્નિચર કામ કરતાં હતાં. પોલીસે અકસ્માત સર્જી ભાગી ગયેલા વાહનચાલકની શોધખોળ શરૂ કરી હતી.બીજી આવી હિટ એન્ડ રનની ઘટનામા સાયલામાં સાંજે રસ્તો ઓળંગી રહેલી મહિલાનું કોઇ ફોરવ્હીલર વાહનની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થતાં સારવાર દરમિયાન રાજકોટમાં મોત થયું છે. તેની સાથે રહેલો તેનો પુરૂષ મિત્ર બચી ગયો હતો. આ મહિલા એક યુવાન સાથે લગ્ન વગર પોતાના બે સંતાન સાથે રહેતી હતી અને કચરા વીણવા સહિતની મજુરી કરતી હતી. સાયલામાં પૂલ નીચે ઝૂપડામાં રહેતી છત્રીસ વર્ષના ચકુબેન સવજીભાઇ સાપરીયા સાયલામાં લીંબડી હાઇવે પર પોતાના મિત્ર મુન્ના ભનુભાઇ દાધેવડીયા સાથે રસ્તો ઓળગી રહી હતી એ વખતે અજાણ્યા ફોરવ્હીલરનો ચાલક તેણીને ઠોકરે લઇ નાશી ગયો હતો. મુન્નો થોડે દુર હોઇ તે બચી ગયો હતો. ચકુબેનને લીંબડી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. મૃતકના ભાઇ વિજયના કહેવા મુજબ મંજુબેન તેના બે બાળકો સાથે મુન્ના દાધેવડીયા સાથે રહેતી હતી. બંને રસ્તો ઓળંગતા હતાં ત્યારે બનાવ બન્યો હતો. લીંબડી પોલીસે રાજકોટ આવી મુન્નાની પુછતાછ કરી વિગતો મેળવી હતી. ચકુબેનના મોતથી બે સંતાને માતા ગુમાવી દીધી હતી.સિવિલ હોસ્પિટલમાં નોંધાયેલા ત્રીજા બનાવમાં હૃદયરોગના હુમલાથી મોતની ઘટનાઓનો સિલસિલો યથાવત રહ્યો છે. ભગવતીપરા સુખસાગર ચોક અયોધ્યા પાર્ક-૨માં રહેતાં પિસ્તાલીસ વર્ષના સરોજબેન સુનિલભાઇ વાઘેલા સાંજે ઘરે બેભાન થઇ ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર સરોજબેનને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પતિ મ્યુ. કોર્પોરેશનમાં સફાઇ કામદાર તરીકે નોકરી કરે છે. સરોજબેનને હાર્ટએટેક આવી ગયાનું પરિવારજનોએ જણાવ્યું હતું. જ્યારે બીજા બનાવમાં રૈયાધાર સ્લમ ક્વાર્ટરમાં રહેતાં અઢ્ઢાવીસ વર્ષના ભુમિબેન કમલેશભાઇ ચાવડા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ.

પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃતકને સંતાનમાં એક પુત્રી છે. પતિ ચાની રેકડીએ મજૂરી કરે છે. સરોજબનને કેન્સરની બિમારી હોવાનું સગાએ કહ્યું હતું. આ તમામ બનાવોમાં સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી. સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ જુણાચ, ધર્મેન્દ્રભાઇ હુદડ અને ભાવેશભાઇ મકવાણાએ જે તે પોલીસ સ્ટેશનોમાં જાણ કરતાં કાર્યવાહી કરવામાં આવી હતી. પોતાના સ્વજનોને ગુમાવી દેનારા અલગ અલગ પરિવારજનોમાં આ ઘટનાઓને કારણે શોક છવાઇ ગયો હતો.

# નશેડીએ પોલીસને ધંધે લગાડી

## પોતાનું અપહરણ થયાનો :કક્કો'' ફૂટનાર સગીર ''સ્ટોરી'' ઉપજાવી કાઢી હતી.

રાજકોટ મિરર, ગોંડલ તા.૬

ગોંડલના રીબડા ગામે મનોજ ઇન્ડસ્ટ્રીઝમા કામ કરતા શ્રમીક યુવાને દારૂના નશામા પોતે રીબડા રેલવે સ્ટેશન પાસે હતો ત્યારે અજાણ્યા શખ્સોએ બાઇકમા અપહરણ કરી અરડોઇ ગામે પાસે લઇ જઇ ઘેની ગોળીઓ ખવડાવી માર માર્યો હોવાની સ્ટોરી ઘડી રાજકોટ સિવિલ હોસ્પિટલમા દાખલ થયો હતો જે ઘટના પ્રકાશમા આવતા પોલીસ દોડતી થઇ ગઇ હતી બાદમા યુવાને દારૂના નશામા સ્ટોરી ઘડી હોવાનુ સામે આવ્યુ હતુ.

પ્રાપ્ત વિગતો મુજબ ગોંડલના રીબડા ગામે આવેલ મનોજ ઇન્ડસ્ટ્રીઝ કંપનીમા કામ કરતો ઉ.વ. ૧૭નામનો સગીર બે દિવસ પુર્વે રાત્રીના આઠેક વાગ્યાના અરસામા રીબડા રેલવે સ્ટેશન પાસે ઇંડાની લારી પાસે ઉભો હતો ત્યારે ૩ અજાણ્યા શખ્સોએ બાઇકમા અપહરણ કરી ઘેની ગોળીઓ પીવડાવી અરડોઇ ગામ નજીક લઇ જઇ પાઇપ વડે માર માર્યો હોવાના આક્ષેપ સાથે યુવકને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમા દાખલ કરવામા આવ્યો હતો. આ અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે ગોંડલ પોલીસને જાણ કરતા ગોંડલ પોલીસમા દોડધામ મચી ગઇ હતી.

પોલીસની પ્રાથમિક તપાસમા અપહરણ કરી માર માર્યાનો આક્ષેપ કરનાર સગીરે દારૂના નશામા અજાણ્યા શખ્સોએ બાઇકમા અપહરણ કરી ઘેની ગોળીઓ ખવડાવી માર માર્યો હોવાની સ્ટોરી ઘડી હોવાનુ સામે આવતા પોલીસે હાશકારો અનુભવ્યો હતો. આ અંગે ગોંડલ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ એથ્લેટિક્સ ગ્રાઉન્ડમાં ઝોન કક્ષાની સ્પર્ધાઓનો પ્રારંભ

## ઝોન -૧ અને ઝોન -૨ની સ્પર્ધાઓમાં ખેલાડીઓએ જુસ્સાભેર ઝુકાવ્યું

રાજકોટ, તા. ૬

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત વિવિધ રમતોની સ્પર્ધાઓ શરૂ થઈ ગઈ છે. જે અંતર્ગત આજથી રાજકોટ રેસકોર્સના એથ્લેટિક્સ ગ્રાઉન્ડમાં ઝોન કક્ષાની વિવિધ સ્પર્ધાઓનો જુસ્સાભર્યા માહોલમાં પ્રારંભ થયો છે. ગઈકાલે એથેટીક્સમાં ૩૦ મીટરથી લઈને ૩૦૦૦ મીટર સુધીની વિવિધ અંતરની દોડની સ્પર્ધાઓ, ઉપરાંત સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ, ઊંચી કુદ, લાંબી કુદ તેમજ ગોળા ફેંક, ચક્ર ફેક તથા બરછી ફેકની સ્પર્ધાઓમાં વિવિધ ખેલાડીઓએ ઝુકાવ્યું હતું. ગઈકાલે રાજકોટ ઝોન-૧ તથા ઝોન-૨ના તમામ વય જૂથના ખેલાડીઓ વચ્ચે રસાકસીભરી સ્પર્ધાઓ યોજાઈ હતી. આ સ્પર્ધાઓ દરમિયાન વાલીઓ તેમજ નાગરિકોએ ચિયર્સ અપ સાથે ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

### રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અતંર્ગત

# રોડ સેફટી અવેરનેસ અંગે હોલીસેન્ટ સ્કૂલમાં કાર્યક્રમ

## પોલીસ કમિશનર દ્વારા હોલી સેન્ટ સ્કૂલમાં ટ્રાફિક સાઈનેજ બોર્ડનું કરાયું લોકાર્પણ



રાજકોટ મિરર, તા.૬

રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણી અંતર્ગત પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાની ઉપસ્થિતમાં હોલી સેન્ટ સ્કૂલમાં રોડ સેફટી અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં

ડી.સી.પી.ટ્રાફિક પૂજા યાદવ તેમજ એ.સી.પી. જે. બી. ગઢવી દ્વારા હોલી સેન્ટ સ્કૂલમાં બાળકોને ટ્રાફિક અવેરનેસ અને ટ્રાફિકના નિયમો બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તકે આર.ટી.ઓ. અધિકારી કેતન ખપેડએ બાળકોને ગુડ સેમરીટર્ન બાબતે માહિતી આપી ઈમરજન્સીમાં ઘાયલની કેવી રીતે મદદ કરી શકાય તે અંગે સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા ટ્રાફિક સાઈનેજના બોર્ડનું લોકાર્પણ કરી બાળકોને ટ્રાફિક જાગૃતિ અર્થે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# ખૂની હુમલાના આરોપી રમેશ બોરીચાની જામીન અરજી નામંજૂર

## ચાર્જશીટ બાદની અરજી પણ સેશન્સ કોર્ટે કરી નામંજૂર



રાજકોટ મિરર, તા.૬

રજપુતપરામા પાર્કવ્યુ હોટલ ધરાવતા કાળુભાઈ પાનસુરીયા, પ્રફૂલગીરી ગોસ્વામી પાસે રૂમ.૩૫,૦૦,૦૦૦/- માગતા હોય તે ન ચુકવવા અને સામા રૂમ.૭૧,૦૦,૦૦૦/- ગેરકાયદેસર કઢાવવા દિનેશ મુછડી, રમેશ બોરીચાને પ્રફુલગીરી ગોસ્વામીએ આપેલ હવાલાના ભાગરૂપે છરી, લોખંડના પાઈપ, ધોકા ધારણ કરી પાર્ક વ્યુ હોટલેથી સ્વામીનારાયણ મંદીરે જવા નીકળતી વખતે કાળુભાઈ બેસેલ કાર ઉપર ધોકા પાઈપ વડે હુમલો કરો છરી થી ઈજા પહોચાડતા જીવ બચાવવા દુકાનમા જતા ત્યા અંદર ઘુસી પાઈપ ધોકા વડે મરણોતર ઢોર માર મારી ખુનની કોશીષ કરી ફેક્ચર કરી જાનથી મારી નાખવાની ધમકી આપી બળજબરીથી નાણા કઢાવવાની કોશીષ કરનાર ધરપકડ પામેલ રમેશ બોરીચાની ચાર્જશીટ બાદની અરજી પણ રાજકોટના એડી. સેશન્સ જજએ નામંજૂર કરી છે.

ઉપરોકત કામમાં મુળ ફરીયાદી કાળુભાઈ પાનસુરીયા વતી રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, રીપલ ગેવરીયા, પાર્થ સંઘાણી, જય પીઠવા, જસ્મીન દુધાગરા તથા મદદમા યુવરાજ વેકરીયા, નીરવ દોંગા, પ્રીન્સ રામાણી, આયન કોરાટ, ભાવીન ખુંટ તથા સરકાર તરફે મુકેશ પીપળીયા રોકાયા હતા.

# ઘંટેશ્વર : હસુભા જાડેજાના કુંવરશ્રી

## ચિ.પાર્થરાજસિંહ જાડેજાના ૩જી ફેબ્રુઆરીએ શુભ લગ્ન

### ધવાણા નિવાસી સ્વ. જયપાલસિંહજી બહાદુરસિંહ ઝાલાના કુંવરીબા સૌ.

### કાં.ચિ. ત્રિસીકાબા ઝાલા સાથે ચિ.પાર્થરાજસિંહ જાડેજાના યોજાશે શુભલગ્ન



રાજકોટ મિરર, તા.૬

ઘંટેશ્વર નીવાસી સ્વ. જયેન્દ્રસિંહ મોહનસિંહજી જાડેજાના સુપુત્ર રા.રા. શ્રી હરિશ્ચંદ્રસિંહજી(હસુભા) જયેન્દ્રસિંહજી જાડેજાના કુંવરશ્રી ચિ. પાર્થરાજ જાડેજાના શુભ લગ્ન તા. ૦૩.૦૨.૨૦૨૫ના રોજ ધવાણા નિવાસી સ્વ. જયપાલસિંહજી બહાદુરસિંહજી ઝાલાના કુંવરીબા સૌ.કાં.ચિ. ત્રિકાસીબા સાથે નિર્ધાર્યા છે. નવદંપતિના આ પ્રેમ પર્વની ઉજવણી પ્રસંગે આશીર્વાદ આપવા મહાનુભાવોશ્રી, મહેમાનશ્રીઓને પધારવા હસુભા જાડેજા પરિવાર દ્વારા ઈજન અપાયું છે.

શુભલગ્ન પ્રસંગે આયોજિત કાર્યક્રમોમાં તા. ૩૦મી જાન્યુઆરીએ સવારે ૭-૩૦ કલાકે પાટે બેસાડવાનું મુહૂર્ત, ૮-૦૦ વાગ્યે વેલ બારોટવાનું મુહૂર્ત, બપોરે ૧૧-૩૦ કલાકે ગણપતિ સ્થાપના, ૧૨-૧૫ કલાકે મંડપ મુહુર્ત, તા. ૩૧ના રોજ સવારે ૯-૦૦ વાગ્યે ગ્રહશાંતિ યજ્ઞ, તા.૧ ફેબ્રુઆરીના રોજ રાત્રીના ૮-૦૦ વાગ્યે રીંગ સેરેમની તેમજ તા. ૨ ના રોજ ભવ્ય દાંડિયા રાસનું આયોજન કરાયું છે.

તા. ૩ ને સોમવારે સાંજે ૫-૩૦ કલાકે સામે ચડવાનું મુહુર્ત, તે જ દિવસે રાત્ર ૭-૪૫ કલાકે હસ્ત મેળાપ થશે. ઈશ્વરીયા પોસ્ટ હોટેલ, ઈશ્વરીયા મંદિરની બાજુમાં, માધાપર-જામનગર રોડ, રાજકોટ ખાતે યોજાનાર આ શુભલગ્ન પ્રસંગે મહેમાનશ્રીઓને સમયસર પધારવા જાડેજા પરિવાર દ્વારા અનુરોધ કરાયો છે.

# ભગવતીપરાના સરોજબેન વાઘેલાનું હાર્ટ એટેકથી મોત

## જીયાણા ગામના ખોડાભાઈ કુમારખાણીયાનું હૃદય થંભી ગયું



રાજકોટ મિરર, તા.૬

હાર્ટ એટેકના બનાવવામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. ત્યારે અયોધ્યા પાર્કમાં રહેતાં સરોજબેન વાઘેલા અને જીયાણા ગામના ખોડાભાઈ કુમારખાણીયાનું હૃદય થંભી ગયું હતું.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ ભગવતીપરા સુખસાગર ચોક અયોધ્યા પાર્ક-૨માં રહેતાં સરોજબેન સુનિલભાઈ વાઘેલા (ઉ.વ.૪૫) તેઓ ઘરે હતાં ત્યારે બેભાન થઈ ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાં સારવારમા દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર સરોજબનને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. તેના પતિ કોર્પોરેશનમાં સફાઇ કામદાર તરીકે નોકરી કરે છે.

બીજા બનાવમાં જીયાણા ગામમાં રહેતા ખોડાભાઈ લાખાભાઈ કુમારખાણીયા (ઉ.વ.૫૦) તેઓ ગઈકાલ સવારના દસેક વાગ્યાની આસપાસ પોતાની કાર લઈને જીયાણા થી કુવાડવા જતા હોય ત્યારે નવા ગામ પાસે સીએનજીના પંપ પાસે પહોંચતા ચાલુ ગાડીએ બેભાન થઈ જતા તેઓને તાકિદે સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા.

### ગઠીયાગીરનો દૌર અવિરત ચાલુ : જુદા જુદા રસ્તા અપનાવી સૌને સરેઆમ છેતરી રહ્યા છે

# શેરબજારમાં રોકાણના બહાને યુવાનને ૨૫ લાખનો ધુંબો




બીજા યુવાનના કેનેડામાં વિઝા અપાવી દેવાના બહાને રૂા.૨૫ લાખ ખંખેર્યા

રાજકોટઃ ગઠીયાગીરીની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. વધુ એક કિસ્સામાં શેર બજારમાં કમાણીના નામે એક યુવાનના સાડા પચ્ચીસ લાખ ખાઇ જવાયા છે. બીજી તરફ કેનેડામાં વીઝાના નામે દંપતિને પચ્ચીસ લાખનો ચુનો લગાડી દેવાયો છે. કન્સલ્ટન્ટ ભાઇઓએ આ દંપતિને તેની ચાર વર્ષની દિકરી સાથે કેનેડા પહોંચાડી દેવાના નામે આ ઠગાઇ કરી હતી. આ પ્રકારની છેતરપીંડી રોજીંદી થઇ ચુકી છે છતાં લોકો લેભાગુઓની જાળમૉ ફસાઇ રહ્યા છે. આ વધુ બે ઘટના તેનો પુરાવો આપી રહી છે.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદના યુવકે શેરબજારમાં ઇન્વેસ્ટમેન્ટના બહાને ૨૮ લાખ રૂપિયા ગુમાવ્યા છે. યુવકે યુટ્યુબ પરના આઇડીના આધાર માર્કેટ ઇન્વેસ્ટમેન્ટમાં ૨૫ લાખથી વધુ ઇન્વેસ્ટ કર્યા હતા. જે ડિમેટ એકાઉન્ટના આઈડી અને પાસવર્ડ અજાણ્યા વ્યક્તિને આપ્યા હતા. આ ઉપરાંત અજાણી વ્યક્તિએ ૩.૧૧ લાખ રૂપિયા પણ અલગથી પડાવ્યા હતા. યુવકે આઇડી, પાસવર્ડ આપતા અજાણી વ્યક્તિએ યુવકના ડિમેટ એકાઉન્ટમાંથી ૨૫.૪૮ લાખ રૂપિયા ટ્રાન્સફર કરી લીધા હતા. આમ યુવક સાથે કુલ ૨૮.૧૨ લાખની છેતરપિંડીની સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે. ઘાટલોડિયામાં રહેતા માનવ પટેલ ક્વોલિટી ઓફિસર તરીકે નોકરી કરે છે. તે યુટ્યુબ પર સર્ફીંગ કરી રહ્યો હતો, ત્યારે સ્ટોક માર્કેટ ઇન્વેસ્ટમેન્ટ કરી સારા એવા નાણાં કમાવવા માટેની જાહેરાત જોઈ હતી. જેથી સ્ટોક માર્કેટમાં રોકાણ કરવા માટે તેણે લિંક ઉપર ક્લિક કરતા વ્હોટ્સએપ ગ્રુપમાં જોઈન થયો હતો. જેમાં પર્સનલ ટિપ્સ માટે ૫૧ હજાર ભરી એક્સપર્ટ સાથે વાતચીત કરી શકાય તેવું જણાવ્યું હતું.

જેથી તેમણે ૫૧ હજાર રૂપિયા ભરીને એક્સપર્ટ નાસીર અંસારી નામના વ્યક્તિ સાથે વ્હોટ્સએપ કોલ અને મેસેજ દ્વારા વાતચીત કરી હતી. આ નંબરથી તેને માર્કેટને લગતી ટિપ્સ પણ મળતી હતી. નાસીરે તેને જણાવ્યું હતુ કે, તે ૨૦ લાખથી વધુનું રોકાણ કરે તો તેને નફો મળશે અને જો નુકસાન થાય તો ડબલ રકમ પરત મળશે. જેથી માનવે વિશ્વાસ કરીને શરૂઆતમાં ૭૫ હજાર રૂપિયા યુપીઆઇ દ્વારા ટ્રાન્સફર કર્યા ત્યારબાદ ૨૫ લાખ રૂપિયા ડિમેટ એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા હતા જેની જાણ નાસીરને કરી હતી. નાસીરે ઓટીપી અને આઇડી પાસવર્ડ મેળવી લીધા હતા. માનવભાઈને કહ્યું હતું કે, તેમને પાંચ લાખથી વધુ નફો થયો છે. જેની ટ્રેડિંગ કન્સલ્ટન્સી ફી ૧.૮૫ લાખ ભરવી પડશે તેથી માનવે તે પણ ભરી હતી. જ્યારે માનવે પોતાના ડિમેટ એકાઉન્ટ સ્ટેટમેન્ટ ચેક કર્યું તો તેમાંથી ૨૫ લાખ રૂપિયા તેની જાણ બહાર ટ્રાન્સફર થઈ ગયા હતા. આ બાબતે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસ ગુનો નોધી તપાસ શરૂ કરી છે. બીજી તરફ નડિયાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં પરદેશ જવા ઈચ્છુક દંપતીએ નાણાં ગુમાવ્યા છે. વિઝાનું કામ કરતા બે સગા ભાઈઓએ રૂપિયા ૨૫ લાખ લીધા બાદ પણ વિઝાનું કામ નહીં કરી આપતાં આ સમગ્ર મામલો પોલીસમાં પહોંચ્યો છે. નડિયાદના દંપતીને ચાર વર્ષીય દીકરી સાથે કેનેડાના ઓન્ટારિયો જવું હતું. જોકે, વિઝાના નામે કન્સલ્ટન્ટ બંધુઓએ છેતરપિંડી આચરી હતી. મિશન રોડ પર આવેલી મિલાપનગરીમાં વૈભવી આનંદ ઠાકોર રહે છે. તેણીને અને તેણીના પતિ આનંદ એમ બંને કેનેડા જવા ઈચ્છતા હોય, સારા વિઝા કન્સલ્ટન્સીનું કામ કરતા વ્યક્તિની તલાશમાં હતા. દરમિયાન તેઓ શહેરના પીપલગ રોડ પર આવેલી બ્લ્યુસ્ટોન ઓવરસીસ પ્રા.લી. નામે કામ કરતા વિઝા કન્સલ્ટન્સીનું કામ કરતા અભી સુનીલ પટેલ અને તેમના સગાભાઇ યશના સંપર્કમાં આવ્યા હતા.

બાદમાં આ વૈભવી અને તેમના પતિએ જણાવ્યું હતું કે, અમારે નાની ચાર વર્ષની દીકરી છે, તેને સાથે લઈ કેનેડા (ઓન્ટારિયો) એકીસાથે ત્રણેયના વિઝા મળે એવી -ોસેસ કરવાની છે. જેથી વિઝા કન્સલ્ટન્સીનું કામ કરતા બે લોકોએ ત્રીસ લાખ થશે તેવું જણાવ્યું હતું અને જરૂરી ડોક્યુમેન્ટ્સ લઈને કામકાજ શરૂ કરી દીધું હતું. બીજી તરફ વૈભવી અને તેમના પતિએ ટુકડે ટુકડે બે વખત ૭ લાખ અને પછી ૧૧ લાખ એમ કુલ પચ્ચીસ લાખ રૂપિયા આપી દીધા હતા. પરંતુ આ વિઝાનું કામ કરતા બે વ્યક્તિઓએ પલટી મારી અને કહ્યું કે, તમારે કેનેડાના (આલ્બર્ટ) માં જવાનું થશે. જોકે, આર્થિક નુકસાની ન વેઠવી પડે એટલે વૈભવીબેને અને તેમના પતિએ હા પાડી હતી. બાદમાં આ વિઝાનું કામ કરતા ઈસમોએ કહ્યું હતું કે, તમારે પહેલું જવાનું થશે અને બાદમાં તમારા પતિ અને દીકરીને, જોકે, પહેલાથી જ ત્રણેયને એક સાથે જવાની શરત મૂકી હોય તેમ છતાં વિઝાનું કામ કરતા ઈસમે આમ કર્યુ હતું.

બાદમાં અજાણ્યા નંબર પરથી આ ઈસમોએ ઓફર લેટર મોકલી આપ્યો હતો. જે તપાસતાં ખોટો હોવાનું જાણવા મળ્યું હતું. તેમાં વૈબવીબેનની પણ ખોટી સહી હતી. જેથી છેતરપિંડીનો અહેસાસ થતાં તેમણે આગળ કામ કરવાની ના પાડી દીધી હતી અને લીધેલા રૂપિયા પરત આપવા જણાવ્યું હતું. પરંતુ રૂપિયા પાછા ન અપાતાં ફરિયાદ દાખલ કરાવાઇ હતી. આમ વધુ બે કિસ્સામાં બે લોકોએ લાખો રૂપિયા ગુમાવી દીધા હતાં. શેરબજારના નામે ઠગાઇ પણ રોજબરોજ થાય છે અને વિદેશ જવાના નામે પણ રોજ છેતરપીંડી થઇ રહી છે. ત્યારે આ બે કિસ્સા વધુ એક વખત લાલબત્તીસમાન બની રહ્યા છે.

# બેડી વાછકપર પ્રાથમિક શાળામાં ભાન ભૂલી ગુરુજીએ કર્યા છાત્રના અડપલા

## ધોરણ ૫ ના શિક્ષક કમલેશ અમૃતિયાએ છાત્રાઓને અલગ અલગ સમયે બોલાવી બતાવ્યા બીભસ્ત વિડિયોઃ કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી

રાજકોટ મિરર, તા.૬

રાજકોટ નજીક આવેલ બેડી વાછકપર ગામમાં શિક્ષણ જગતને શર્મસાર કરતો બનાવ સામે આવતાં ચકચાકર મચી જવા પામી છે.બેડી વાછકપરના પ્રાથમિક શાળાના શિક્ષકે ધો. ૫ માં અભ્યાસ કરતી છાત્રાઓને એકલા બોલાવી મોબાઈલમાં બિભસ્ત વીડિયો દેખાડી અડપલા કરતા આ મામલે છાત્રાઓના પરિવારજનો અને વાલીઓને જાણ થતાં તેઓએ શિક્ષક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. કુવાડવા રોડ પોલીસે ફરિયાદના આધારે શિક્ષક સામે છેડતી અને પોક્સોની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ બેડી વાછકપર ગામે આવેલ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા કમલેશ અમૃતિયા નામના શિક્ષકે વાછકપર પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી ધો. ૫ અને ૬ની સાત થી આઠ છાત્રાઓ સાથે અડપલા કર્યા હોવાનું બહાર આવ્યું હતું. આ શાળામાં ધો. ૫ અને ધો. ૬ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીએ તેની માતાને ફરિયાદ કરી હતી કે શાળાના શિક્ષક કમલેશ અમૃતિયા તેમને મોબાઈલમાં બિભસ્ત વીડિયો દેખાડીને ખરાબ કામ કરતા હોવાનું જણાવતા માતા ચોંકી ઉઠી હતી. અને તેમણે આ અંગે પતિને વાત કરતા આ મામલે આ શાળામાં અભ્યાસ કરતી ગામની અન્ય છાત્રાઓને બોલાવી કમલેશ અમૃતિયાના કરતુત અંગેની સત્ય હકીકત જાણવાનો પ્રયાસ કર્યો હતો.

ગામની સાતથી આઠ છાત્રાઓએ કમલેશ અમૃતિયાએ કરેલા કૃત્યની હકિકત ગ્રામજનો અને વાલીઓ સમક્ષ વર્ણવી હતી. ભોગ બનનાર છાત્રાઓએ જણાવ્યું કે, ધો. ૫ નો વર્ગ શિક્ષક કમલેશ અમૃતિયા અલગ અલગ વિદ્યાર્થીઓને રિશેશમાં ક્લાસમાં બોલાવી તેમને મોબાઈલમાં બિભસ્ત વીડિયો દેખાડી તેમની સાથે અડપલા કરી ખરાબ વર્તન કરે છે. જે મામલે અંતે ગ્રામજનોએ પોલીસ ફરિયાદ માટેની તજવીજ હાથ ધરી હતી. આ મામલે ભોગ બનનાર તમામ છાત્રાના વાલીઓએ કુવાડવા પોલીસ મથકે પહોંચ્યા હતાં અને પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ૪૭ વર્ષીય શિક્ષક કમલેશ અમૃતિયા આ ઘટના બાદ શાળાએ આવ્યો ન હોય પોલીસે તેની ધરપકડ માટે તજવીજ હાથ ધરી છે.

હદ કર દી : તેરા તુજકો અર્પણ કાયક્રમને લાંછન લાગે તેવી પોલીસબેડાની ઘટના

# ખોવાયેલો મોબાઈલ પોલીસને મળ્યો, પણ પાછો આપવા એક હજાર માંગ્યા ને ACBએ મહિલા કોન્સ્ટેબલને ઝડપ્યા

રાજકોટ મિરર, તા.૬

ખોવાયેલો મોબાઈલ પોલીસને મળી ગયો પણ પાછો આપવા યુનિવર્સીટી પોલીસના પો.કો. અનિતાબેન વાઘેલાએ ફરિયાદી યુવાન પાસે મોબાઈલ જોઈતો હોય તો રૂ. ૧૦૦૦ આપવા પડશે તેવી માંગ કરતા ફરિયાદી યુવાને મહિલા પોલીસને સબક શીખવા એસીબીનો સહારો લીધો હતો. અંતે રાજકોટ એસીબીના એસીપી કે.એચ. ગોહિલના સુપરવિઝાન વચ્ચે સફળ છટકું ગોઠવીને મહિલા પોલીસને ઝડપી લેવાતા ચકચાર જાગી છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરના એક યુવાને પોતાનો મોબાઈલ ખોવાઈ જતા ગાંધીગ્રામ- ૨ યુનિ. પોલીસમાં અરજી કરી હતી. દરમિયાન ફરિયાદીનો મોબાઈલ મળી ગયો હોવાની જાણ થતા તે પોલીસ સ્ટેશને ગયો હતો અને મોબાઈલ અંગે પૂછપરછ કરી હતી. પણ આ સમયે સહકાર આપવાને બદલે મહિલા પોલીસ કોન્સ્ટેબલ અનિતાબેન ઈશ્વરભાઈ વાઘેલાએ મોબાઈલ જોઈતો હોય તો રૂ. ૧૦૦૦ આપવા પડશે તેવું કહી લાંચ માગી હતી. જો કે મોબાઈલધારકે જાગૃતતા દાખવી લાંચ આપવાને બદલે રાજકોટ એસીબીનો સંપર્ક કરતા તેમની ફરિયાદ લેવાઈ હતી અને લાંચનું છટકું ગોઠવાયું હતું.



રાજકોટ ACBના ACP કે.એચ.ગોહીલનો વધુ એક સપાટો : એક હજાર રૂપરડીમાં મોઢું નાખનાર મહિલા પોલીસ અનિતાબેન વાઘેલા હવે કોઈને મોઢું બતાવવા જેવાનાં રહ્યા : યુનિવર્સીટી પોલીસના અનીતા વાઘેલા લાંચ લેતા ઝડપાયા

આ તકે એસીબીના એસીપી કે.એચ.ગોહિલના માર્ગદર્શન હેઠળ પીઆઈ પી.એ.દેકાવડીયાએ ટ્રેપિંગ અધિકારી તરીકે છટકું ગોઠવતા ફરિયાદી યુવાન પાસે રૂ.૧૦૦૦ની લાંચ લેતા અનિતાબેન વાઘેલા(પો. કોન્સ્ટેબલ) રંગે હાથ ઝડપાઈ ગયા હતા.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, બેદરકાર મોબાઈલધારકોને અનેક વખત પોલીસ સરકારના તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ લાખો રૂપિયાના મોબાઈલ પરત કરે છે. એટલુજ નહિ સોના-ચાંદી, પાકીટ જેવી ચીજવસ્તુઓ પણ પરત કરાય છે. આવા કાર્યક્રમોથી પોલીસે સુપેરે પરિચિત હોવા છતાં યુનિ. પોલીસના મહિલા પોલીસ અનિતાબેન વાઘેલાએ માત્ર હજાર રૂપરડીમાં મોઢું નાખતા અને એસીબીના હાથે પકડાઈ જતા હવે ક્યાય મોઢું બતાવવા જેવા ના રહ્યા હોવાની જાગૃતોમાં ચર્ચા ચાલી છે. સરવાળે તેરા તુજકો અર્પણ કાર્યક્રમ પર ટાઢું પાણી ફરી ગયાનું કહેવું ઉચિત લાગે છે.

# રાજકોટના ખેડૂતની સાલપીપળીયાની જમીન વ્યાજખોર ત્રિપુટીએ પચાવી પાડી

રાજકોટ મિરર, તા.૬

રાજકોટ રહેતા ખેડૂતએ વ્યાજે લીધેલ રૂપિયાના બદલામાં વ્યાજ સહીત રકમ ચૂકવી દીધા છતાં ખેડૂતની પડધરીના સાલપીપળીયા ગામે આવેલી જમીન વ્યાજખોરોએ પડાવી લઇ જમીનનો દસ્તાવેજ અન્યના નામે કરી દઈ છેતરપીંડી કરતા નામચીન હિસ્ટ્રીશીટર સહિત ત્રિપુટી વિરુદ્ધ પડધરી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



રાજકોટના સાધુવાસવાણી રોડ પર પાટીદાર ચોકમાં આવેલ બાલાજી શેરી નં ૫માં રહેતા અને પડધરીના સાલપીપળીયા ગામે વારસરાઈ જમીન ધરાવતા વિશાલ બાબુભાઈ ગઢીયા નામના ખેડૂતે પડધરી પોલીસમાં અલ્પેશ દોગા, વત્સલકુમાર રસીકભાઈ સખીયા અને રસીક સખીયા સહિત સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે બન્ને ભાઈઓને મકાન ઉપર લોન લીધી હોય જેની ભરપાઈ માટે તેમજ હોસ્પિટલના ખર્ચ માટે રૂપિયાની જરૂરીયાત ઉભી થતા અલ્પેશ દોંગાની પટેલ ઈન્વેસ્ટમેન્ટ ઓફિસે મળવા ગયા હતા જયાં રૂપિયાના બદલે જમીનનું સીકયુરીટી પેટે લખાણ કરી આપો તો લોન થઈ જશે તેમ વાત કરેલ હતી. બાદમાં જમીનની ઓરીજનલ ફાઈલ આપી હતી અને બીજા દિવસે બન્ને ભાઈ અને માતા ત્રણેય મામલતદાર કચેરીએ ગીરો દસ્તાવેજમાં સહી કરી આપી હતી.

બે દિવસ બાદમાં ગીરો દસ્તાવેજમાં બદલામાં બેંકમાં રૂપિયા જમા કરાવ્યા હતા. બાદમાં તેઓના ભાઈના વોટ્સએપમાં અરસ-પરસનું સમજુતી કરારનું લખાણ મોકલેલ હતું બાદમાં ગઈ નવરાત્રીએ તેના ભાઈએ કટકે રૂ. ૮ લાખ ચુકવ્યા હતા.દરમિયાન ગત.તા.૪/૧૦ના તેઓની વાડીએ ભાગીયા કરવા આવેલા કનુભાઈએ તેઓને ફોન કરી કહ્યું કે કોઈ લોકો આવે છે. અને જમીન ખાલી કરવાનું કહે છે. જેથી તેઓ તેના પુત્ર સાથે વાડીએ ગયા અને લોન પેટે રૂપિયા લીધાની વાત કરતા વત્સલકુમાર તથા તેના પિતા રસીકે કહ્યું કે તમે અમોને દસ્તાવેજ કરી આપ્યો છે. અમને જમીન ખાલી કરી દયો તેમ વાત કરી જતા રહ્યા હતા. બાદમાં અલ્પેશને મળી વાત કરતા તેણે સાદા કાગળનું લખાણ બતાવેલ જેમાં તેઓના ભાઈ રાજેશભાઈને અલ્પેશ દોગાએ રૂ. ૪ કરોડ ચુકવ્યા હતા તેવુ લખ્યું હતું બાદમાં તપાસ કરતા તેણે ગીરો દસ્તાવેજ કરવાના બહાને જમીનનો દસ્તાવેજ અન્યના નામે કરી છેતરપીંડી આચરી હોવાનું જાણવા મળતા આ મામલે વિશાલભાઈએ પડધરી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ત્રિપુટીની શોધખોળ હાથ ધરી છે.

# દારૂની ૯૩ બોટલ સાથે બે ઝડપાયા




રૂ. ૨ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરાયો

રાજકોટ મિરર, તા. ૬

કુવાડવા પોલિસે ૨ સ્થળે દરોડા પાડી ૯૩ બોટલ સહિત રૂ. ૨,૦૦,૭૦૦ના મુદામાલ સાથે બે શખ્શને ઝડપી લીધા હતા.

પ્રાપ્ત વિગત મુજબ એલ.સી.બી પોલીસના કોન્સ. સત્યજીતસિંહ દિગ્વિજયસિંહ જાડેજા, કોન્સ. દિવ્યરાજસિંહ કાળુભા જાડેજા, રવિરાજભાઈ જશકુભાઈ પટગીર સહિતનો સ્ટાફ પેટ્રોલિંગ દરમિયાન મેંગો માર્કેટ પાસે પહોંચતા બાતમી મળી હતી કે અમદાવાદ રાજકોટ હાઈવે રોડ નવાગામ કુલ પાસે પંચતનપીરની દરગાહ સામે જાહેર રોડમાં એક રીક્ષા રજી. નંબર જીજે ૦૩ બીએક્સ ૭૪૧૪ વાળી રીક્ષામાં વિદેશી દારૂનો જથ્થો ભરેલ છે.

પોલીસે બાતમીવાળી જગ્યાએ પહોચી દરગાહ સામે રિક્ષા જોતા રીક્ષા ઉભી રાખી પૂછપરછ કરતા પોતે દિલીપ ગોરધનભાઈ બાવળીયા (રહે. ગઢડીયા ધામ, સરધારી સીમ, તા. જસદણ જી. સુરેન્દ્રનગર) હોવાનું જણાવ્યું હતું. પોલીસે રિક્ષામાં રહેલા બોકસને ખોલતા તેમાંથી દારૂની ૮૩ બોટલ, રીક્ષા સહિત રૂ. ૧૯૬૫૦૦નો મુદ્દામાલ કબજે કરી ધોરણસર કાર્યવાહી હાથ ધરી.

બીજા દરોડામાં કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના કોન્સ. જયદીપભાઇ ગોપાલભાઈ ધોળકિયા, કોન્સ. કુશલભાઈ જોશી, ભાવેશભાઈ મકવાણા, ભરતભાઈ ખેડ સાહિતનો સ્ટાફ પોલીસ સ્ટેશન હાજર હતો. તે બાતમી મળી હતી કે કુલદીપ ભરતભાઈ વિક્રમ નવાગામ રંગીલા ઢોરો વિસ્તાર મામા સાહેબના મંદિરની પાસે રાજકોટવાળાના મકાનમાં ગેરકાયદેસર વિદેશી દારૂનો જથ્થો રાખેલ છે. દરમિયાન પોલીસે તપાસ કરતા કુલદીપ ભરતભાઈ વિક્રમા (રહે. નવાગામ, રંગીલા ઢોરો વિસ્તાર, મામા સાહેબના મંદિર પાસે, મૂળ ગામ ફુલઝર તા. ચોટીલા જી. સુરેન્દ્રનગર) હોવાનું જણાવ્યું હતું. પોલીસે આ શખ્સના ઘરમાંથી દારૂની બે બોટલ સાથે રૂ.૪૨૦૦નો મુદ્દામાલ કબજે કરી તેમની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# રૈયા ચોકડી બ્રિજ પરથી યુવકે ઝંપલાવ્યું

## મનહરપુર-૧માં રહેતા યુવકના આપઘાતનું કારણ અકળ



રાજકોટ તા.૬

રૈયા ચોકડી બ્રિજ પરથી યુવકે ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. મૃતક યુવક મનહરપુર-૧ માં રહેતો હતો. બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ જામનગર રોડ મનહરપુર-૧ માં રહેતાં સુરેશભાઈ વલ્લભભાઈ પટાસણીયા (ઉ.વ.૪૫) નામનાં યુવકે ગઈ કાલ સાંજે રૈયા ચોકડી બ્રિજ પરથી ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. ઘટના સ્થળે લોકોના ટોળાં એકઠા થયા ગયા હતા. બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસને જાણ થતાં પોલીસ સ્ટાફ તુરંત દોડી ગયો હતો. અને મૃતદેહને પીએમ અર્થે ખસેડી તપાસ હાથ ધરી હતી. જે તપાસમાં મૃતક યુવકની માતાએ જણાવ્યું હતું કે સુરેશભાઈ થોડો સમયથી માનસીક જેવા થઈ ગયા હતા. અને તેનો મગજ ભમતો હતો. આપઘાતનું કારણ જાણવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# શહેરમાંથી પરણીત મહિલા-યુવાન ગુમ

રાજકોટ મિરર, તા.૬

શહેરમાંથી આજે એક મહિલા અને યુવાન ગુમ થયાની ગાંધીગ્રામ અને આજીડેમ પોલીસમાં જાણ કરવામાં આવી છે. પોલીસે ગુમસુદા નોંધ લઈને બંનેને શોધવા તપાસ આદરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરના રૈયા રોડ ઉપર આવેલ ગુલમહોર રેસીડેન્સીમાં રહેતા રાજેશભાઈ જમનાદાસભાઈ ધકાણએ પોતાની પત્ની માયાબેન (ઉં. વ. ૩૭) ગઈકાલે સવારે ૪:૩૦ વાગ્યાની આસપાસ વોકિંગમાં જવાનું કહીને ઘરેથી નીકળ્યા બાદ ફરી ઘરે પરત નહી ફરતા તેમણે ગાંધીગ્રામ-૨, યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં પત્ની ગુમ થઈ હોવાનું જાણ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગુલમોહર રેસીડેન્સીમાં રહેતા રાજેશભાઈ જમનાદાસભાઈ ધકાણે પોલીસમાં જાહેરાત કરીને જણાવ્યું છે કે તેમના પત્ની માયાબેન તા. ૫ ના રોજ વહેલી સવારના ૪:૩૦ વાગ્યાની આસપાસ વોકિંગમાં જવાનું કહીને એકલા જતા રહ્યા છે. બનાવ સંદર્ભે રાજેશભાઈ ધકાણે ''રાજકોટ મિરર'' ને જણાવ્યું હતું કે તેમના પત્નીના આ પગલાની કોઈને જાણ નથી. સંતાનમાં એક નવ વર્ષની બેબી અને આઠ વર્ષનો પુત્ર છે. બનાવવાની વધુ પોલીસે હાથ ધરી છે.

જ્યારે બીજા બનાવમાં મેઘનાબેન પરાગભાઈ ભોજક નામની માંડાડુંગર, હરસિધ્ધિ સોસાયટી માં રહેતી પરણીતાએ પતિ પરાગભાઈ જીતેશભાઈ ભોજક તા. ૧૮.૧૨.૨૦૨૪ના રોજ પોતાના ઘરેથી રાત્રિના નવેક વાગ્યે કોઈને કહ્યા વગર નીકળી જઈને ગુમ થયાની આજીડેમ પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં હેડ કોન્સ્ટેબલ પી.એ ચીરોરોડિયા દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

કોઠારીયા રોડ પર ઘરમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયોઃ રોકડ-ચાંદના દાગીના કબ્જે

# આઠ ગુનાઓમાં સામેલ જુનાગઢનો શખ્સ ચોરીમાં ઝડપાયો

## એલસીબી ઝોન-વનના પીએસઆઇ બી. વી. ચુડાસમા અને ટીમે પકડી લઇ રોકડ-દાગીના કબ્જે કર્યા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૬**

રાજકોટઃ ઘરફોડ ચોરી, વાહન ચોરી સહિતના ગુનાઓ ઉકેલવા શહેર પોલીસ તેમજ લોકલ ક્રાઇમ બ્રાંચ અને ક્રાઇમ બ્રાંચની ટીમો કાર્યરત રહેતી હોય છે. આ વચ્ચે એલસીબી ઝોન-૧ ટીમે વધુ એક વખત ઘરફોડ ચોરીનો ગુનો ઉકેલવામાં સફળતા મેળવી છે. પખવાડીયા પહેલા શહેરના કોઠારીયા રોડ મોરારીનગર-૬માં જલારામ કૃપા નામના કૌશલભાઇ મહેશભાઇ માધાણીના મકાનના તાળા તોડી રોકડા પાંસઠ હજાર તેમજ ચાંદીના દાગીના મળી કુલ સિત્તેર હજારની ચોરી કરવામાં આવી હતી. આ ગુનાનો ભેદ એલસીબી ઝોન-૧ ટીમે ઉકેલી નાંખી એક તસ્કરને પકડી લીધો છે.






આજીડેમ પોલીસે કાર ચોરીનો ભેદ ઉકેલ્યોઃ માંડાડુંગર પાસેથી કાર ચોરી ફેરવતો શખ્સ ઝડપાયો

એલસીબીની ટીમે હાલ નાડોદાનગર પૂલ પાસે દુધીબેનની ઓરડીમાં ભાડેથી રહેતાં મુળ જુનાગઢ કાળવા ચોક દશામાના મંદિર પાસે રહેતાં ત્રેવીસ વર્ષના દેવીપૂજક શખ્સ કિરણ કાળુભાઇ સોલંકીને નાડોદાનગર મેઇન રોડ પરથી પકડી લઇ ચાંદીની ઝાંઝરી, સાંકળા, હાથના કડલા, રોકડા રૂપિયા પિસ્તાલીસ હજાર મળી કુલ અડતાલીસ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. ચોરીના ગુના ડિટેક્ટ કરવા ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. મનરૂપગીરી ગોસ્વામી, કોન્સ. સત્યજીતસિંહ જાડેજ, રવિરાજભાઇ પટગીર અને દિવ્યરાજસિંહ જાડેજાને માહિતી મળતાં કિરણ સોલંકીને પકડી લીધો હતો. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ આ શખ્સ રીઢા ગુનેગારની છાપ ધરાવે છે.

પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર મોજશોખ પુરા કરવા ચોરીઓ કરતો રહે છે. અગાઉ તે જુનાગઢ, પોરબંદર, રાજકોટમાં ચોરી, દારૂ, માદક પદાર્થ સહિતના ૮ ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જોઇન્ટ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી સજ્જનસિંહ પરમારની સુચના અનુસાર પીએસઆઇ બી. વી. ચુડાસમા, એએસઆઇ ભરતભાઇ વાઘેલા, જયપાલસિંહ ઝાલા, હેડકોનસ. મનરૂપગીરી ગોસ્વામી, કોન્સ. રવિરાજભાઇ પટગીર, સત્યજીતસિંહ જાડેજા અને દિવ્યરાજસિંહ જાડેજાએ આ કામગીરી કરી હતી. આ તસ્કર રાજકોટ જુનાગઢ આવ જા કરતો રહે છે અને મોજશોખ પુરા કરવા માટે બંધ મકાનોને નિશાન બનાવી ચોરીઓ કરવાની આદત ધરાવે છે. તેણે વધુ કોઇ ગુના આચર્યા છે કે કેમ? તેની તપાસ હવે ભક્તિનગર પોલીસ કરશે.

બીજી તરફ આજીડેમ પોલીસે કાર ચોરીનો ગુનો ઉકેલી એક શખ્સને પકડી લીધો હતો. વાહન ચોરીના ગુનાઓ ડિટેક્ટ કરવા આજીડેમ પોલીસની ટીમ કાર્યરત હતી ત્યારે કોન્સ. ગોપાલભાઇ બોળીયા, હરપાલસિંહ જાડેજાને મળેલી બાતમી પરથી વીસ વર્ષના હાર્દિક છગનભાઇ રાઠોડને પકડ્યો છે. આ શખ્સ શાપરની શાંતિધામ સોસાયટી-૧૬માં રહે છે.

તે ચોરાઉ કાર ફેરવતો હોવાની પાક્કી માહિતી પરથી ગોંડલ રોડ માલધારી ફાટક સામે પૂલ નીચેથી ચોરાઉ કાર સાથે પકડી લેવાયો હતો. આ કાર તાજેતરમાં આજીડેમ પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાંથી ચોરાઇ ગઇ હતી. પોલીસે હાર્દિકને જીજે૦૩ડીજી-૮૫૮૨ નંબરની ૭૫ હજારની કાર સાથે પકડી લીધો હતો. ત્રણ દિવસ પહેલા માંડા ડુંગર પાસેથી આ કાર તેણે ચોરી કરી હતી. ડીસીપી સજ્જનસિંહ પરમાર, એસીપી બી. વી. જાધવની સુચના અનુસાર આજીડેમ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર એ. બી. જાડેજાની રાહબરીમાં પીએસઆઇ જે. જી. રાણા, એએસઆઇ હારૂનભાઇ ચાનીયા, રવિભાઇ વાંક, હેડકોન્સ. પિયુષભાઇ, દિગપાલસિંહ, કોન્સ. પ્રદિપસિંહ, વિરેન્દ્રસિંહ, ગોપાલભાઇ, મહેશભાઇ, હરપાલસિંહ, દેવાભાઇ, સંજયરાજભાઇ અને વિશ્વરાજસિંહે આ કામગીરી કરી હતી. આ શખ્સે મોજશોખ કરવા કારની ઉઠાંતરી કર્યાનું રટણ કર્યુ હતું. વધુ કોઇ ગુનામાં સામેલ છે કે કેમ? તેની તપાસ થઇ રહી છે.

# કટારીયા બ્રિજ સહિત ૬૭ દરખાસ્તો આજે સ્ટેન્ડિંગ હવાલે

## સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ સહિત અન્ય દરખાસ્તો પર થશે ચર્ચા વિચારણા

રાજકોટ, તા. ૬

રાજકોટનો વિકાસ ડગલેને પગલે થઈ રહ્યો છે ત્યારે મહત્વનું એ છે કે હાલ રાજકોટના અનેકવિધ વિસ્તારો માં વિકાસની હરણફાળ જોવા મળી રહી છે ત્યારે રાજકોટમાં છેલ્લા ત્રણ વર્ષથી કટારીયા ચોકડી પર ફ્લાય ઓવર બ્રિજ બનાવવા અને અંડર પાસ નો પ્રોજેક્ટ ને આગળ ધપાવવા માટે ઘણાખરા વિઘ્નો સામે આવ્યા હતા જેને કદાચ કહી શકાય કે મહાનગરપાલિકાએ પાર કરી દીધા છે અને હવે આ પ્રોજેક્ટ ની અમલવારી કરવાનો સમય આવી ગયો હોય તે માટેની ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી હોવાનું હાલ સૂત્રો જણાવી રહ્યા છે ત્યારે આજે મળનારી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં કટારીયા ચોકડી પાસેના બ્રિજની દરખાસ્ત મુકવામાં આવી છે. કટારીયા ચોકડી પર જ્યારે બ્રિજ બનશે તો તે એક નહીં અનેક પ્રશ્નોનું નિવારણ લાવશે.

રાજકોટ મહાપાલિકામાં આજે મળનારી સ્ટેન્ડિંગ કમિટીની મિટિંગમાં આ અંગેનો નિર્ણય કરવા મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ દરખાસ્ત મોકલી છે. કાલાવડ રોડ ઉપર કટારીયા ચોકડીએ ઉપર ફ્લાય ઓવર કેબલ બ્રિજ બનશે અને નીચે રિંગ રોડ-૨ ઉપર અન્ડરપાસ બનશે. રૂ.૧૬૭ કરોડના ખર્ચે ઉપરોક્ત બન્ને બ્રિજ બનાવવા દરખાસ્ત છે. ૧૨૪ કરોડના એસ્ટીમેટ સામે ૧૪.૨૩ ટકા ઓનથી ૧૬૭ કરોડમાં બ્રિજ બનાવવા મ્યુનિ. કમિશનરએ સ્ટેન્ડિંગ કમિટીને દરખાસ્ત મોકલી છે જેમાં ગાવર કન્સ્ટ્રક્શન અને બેકબોન કન્સ્ટ્રક્શનનું જોઈન્ટ વેન્ચર ટેન્ડર ફાઇનલ કર્યું હોય તેને કામ આપવા સૂચવ્યું છે.



ઉપરોક્ત પ્રોજેક્ટ માટે કુલ ચાર એજન્સીના ટેન્ડર આવ્યા હતા જેમાં ગાવર અને બેકબોનના જોઈન્ટ વેન્ચરએ ૧૪૧.૭૩ કરોડ (૧૮ ટકા જીએસટી અલગ)નો સૌથી નીચો ભાવ ઓફર કર્યો હતો, જ્યારે સેકન્ડ લોએસ્ટ દિનેશચંદ્ર અગ્રવાલ ઈન્ફ્રાકોન લિમિટેડએ ૧૪૨ કરોડ, થર્ડ લોએસ્ટ વિજય એમ.મિસ્ત્રી ધ્ધસ્ટ્રકશન પ્રા.લિ. અને ચેતન કલસ્ટ્રકશન પ્રા.લિ. જોઇન્ટ વેન્ચરએ ૧૪૭ કરોડ અને મંગલમ બિલ્ડકોન ઈન્ડિયા પ્રા.લિ.એ ૧૫૩ કરોડની ઓફર કરી હતી જે હાઈએસ્ટ હતી. આ મુજબ ચારેય ટેન્ડરમાં સૌથી ઓછા ભાવ ગાવર અને બેકબોનના હોય તેને કામ આપવા સુચવાયું છે.

કટારીયા ચોકડી ઉપર થ્રી લેઅર જંકશન ડેવલપમેન્ટ, કાલાવાડ રોડ પર ફ્લાય ઓવર બ્રીજ નીચે રિંગ રોડ- ઉપર અન્ડર પાસનું નિમર્ણિ થશે. કાલાવાડ રોડ ઉપર ફ્લાય ઓવરબ્રિજની લંબાઇ આશરે ૭૪૪ મીટર લંબાઇ તથા ૨૩.૧૦ મીટર પહોળાઇમાં (૩+૩ લેન)નો આર.સી.સી. બ્રિજ બનશે. જ્યારે કેબલ સ્ટેઇડ બ્રીજ (એકસ્ટ્રા ડોઝ સ્પાન) ૧૬૦ મીટર (૪૦ મીટર + ૮૦ મીટર + ૪૦ મીટર), ૯.૦૦ પહોળાઇમાં બંને તરફે સર્વિસ રોડ અને ફુટપાથ સાથેનો બનશે.

અન્ડર પાસની રીંગ રોડ-૨ ઉપર ૪૫૯ મીટર લંબાઇ તથા ૮.૫૦ + ૮.૫૦ મીટર પહોળાઇ રહેશે. ૯.૩૦ પહોળાઇમાં બંને તરફે સર્વિસ રોડ તેમજ ફૂટપાથ બનાવવાનાં કામનો સમાવેશ કરવામાં આવેલ છે. આજે જે સ્ટેન્ડિંગ કમિટી મળશે તેમાં કુલ ૬૭ દરખાસ્તો મૂકવામાં આવી છે. જેના પર આજે નિર્ણય લેવામાં આવશે.

### વિવિધ રાજમાર્ગો પર થર્મોપ્લાસ્ટ માર્કિંગ

રાજકોટના ઘણા ખરા રાજમાર્ગો પર થર્મોપ્લાસ્ટ માર્કિંગની કામગીરી કરવા માટેની વ્યવસ્થા ઊભી કરવામાં આવેલી છે એટલું જ નહીં આ કામગીરી દરમિયાન ઘણી ખરી રીતે એજન્સીની પણ જવાબદારી ફિક્સ કરવામાં આવી હોય તેવું સ્પષ્ટ ચિત્ર ઊભું થયું છે કારણ કે હાલ આ કાર્ય માટે ૧.૨૭ કરોડ નો ખર્ચ અંદાજિત થવાનું અનુમાન છે ત્યારે પ્રથમ વખત જ્યારે ટેન્ડર કરવામાં આવ્યું ત્યારે એક પણ એજન્સીએ રસ દાખવ્યો ન હતો ત્યારબાદ બીજા પ્રયત્નોમાં વિનાયક એજન્સીએ ૧૫ ટકા ઓછા ભાવ આપ્યા હતા ત્રીજા પ્રયત્નમાં આ જ પેઢીએ ૨૮% ઓછો ભાવ આપ્યો હતો અને ચોથા પ્રયત્નમાં વિનાયક દ્વારા ૩૨.૦૫ ટકા ઓછો ભાવ આપવામાં આવ્યો છે ત્યારે આજે મળનારી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં આ અંગે પણ નિર્ણય લેવામાં આવશે જેમાં એજન્સી દ્વારા ગમે તેટલી વાર કલર જાય તો તે કલર કરવાનો રહેશે અને તમામ રાજકોટના મુખ્ય માર્ગોને થર્મોપ્લાસ્ટ માર્કિંગથી સુસજ્જ કરાશે.

# ત્રણ વોર્ડને અશાંતધારામાં સમાવવા કલેકટરને રિપોર્ટ

## અભ્યાસ બાદ રાજ્ય સરકારમાં મોકલાશે દરખાસ્ત : ૨૨ મી જાન્યુઆરીની લેન્ડગ્રેબિંગ બેઠકમાં ૬૦ કેસ ચર્ચાશે

રાજકોટ, તા. ૬

અશાંતધારાને લઈ અનેકવિધ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે જેને લઈને રાજકોટના ધારાસભ્યોએ પણ આ અંગે કલેકટરને રજૂઆત કરી હતી અને તેઓએ જણાવ્યું હતું કે વોર્ડ નંબર સાત, આઠ અને ૧૪ ના વિસ્તારોને અશાંતધારામાં સમાવવામાં આવે ત્યારે હાલ કલેકટર વિભાગ પાસેથી મળતી માહિતી મુજબ આ અંગે રિપોર્ટ તૈયાર કરી દેવામાં આવ્યો છે અને તે રિપોર્ટ કલેક્ટરને પણ સોંપી દેવાયો છે ત્યારે આવનારા દિવસોમાં આ અંગે દરખાસ્ત તૈયાર કરી રાજ્ય સરકારમાં મોકલવામાં આવશે.

દરમિયાન ૨૨મીએ મળનારી લેન્ડગ્રેબિંગ બેઠકમાં ૬૦ કેસ ઉપર ચર્ચા હાથ ધરાશે. રાજકોટ શહેર વોર્ડ નં.૭, ૮ તથા ૧૪ના વિસ્તારોને અશાંતધારામાં સમાવવા વિશે પ્રાંત કચેરી દ્વારા કલેકટરને અહેવાલ સુપરત કરી દેવાતા હવે આ અહેવાલ પર અભ્યાસ ચાલુ કરાયો છે અને વિસ્તારોને અશાંતધારામાં સમાવવા માટેની દરખાસ્ત કલેકટર દ્વારા રાજય સરકારને કરાશે તેવું જાણવા મળી રહ્યું છે.રાજકોટમાં ગત માસે વિધાનસભા-૬૯ તથા વિધાનસભા- ૭૦ના ભાજપના બે ધારાસભ્યો ડો.દર્શિતાબેન શાહ અને રમેશભાઈ ટીલાળાએ આ અંગે રજૂઆત કરી હતી જે બાદ તંત્ર ત્વરિત જ હરકતમાં આવ્યું. જે વિસ્તારોને અશાંતધારામાં સમાવવા માટેની રજૂઆતો થઇ હતી. તે બાબતે પ્રાંત કચેરી દ્વારા જરૂરી માહિતી સાથે અહેવાલ તૈયાર કરીને કલેકટરને સુપરત કરાયો છે.

વિસ્તારોનો અહેવાલ કલેકટર દ્વારા અભ્યાસ હાથ ધરાયો છે. જે પ્રક્રિયા બાદ દરખાસ્ત રાજય સરકારને મોકલાશે. અંતિમ નિર્ણય ગૃહ વિભાગ દ્વારા લેવાશે ત્યાંથી જે વિસ્તારો ફાઇનલ થશે તેનો અશાંતધારામાં સમાવેશ થશે.

મળતી માહિતી મુજબ રાજ્ય સરકાર દ્વારા એ વાતની પણ સ્પષ્ટતા કરવામાં આવી છે અને નવી માર્ગદર્શિકા જાહેર કરાય છે જેથી લેન્ડ ગ્રેબિંગના કેસોમાં પણ જે છટકબારીઓ થઈ રહી છે તે ન થાય અને યોગ્ય ન્યાય મળતો રહે સાથોસાથ હાઈકોર્ટે જે રીતે ટકોર કરવામાં આવી છે તે બાદ જિલ્લા કલેકટરોને પણ સૂચિત કર્યા છે કે નવી ગાઈડલાઈન મુજબ જ કાર્યવાહી કરવામાં આવે ત્યારે રાજકોટ જિલ્લા ની વાત કરીએ તો ૨૨ તારીખે લેન્ડ ગ્રેબિંગની બેઠક મળશે અને કુલ ૬૦ કેસ મૂકવામાં આવ્યા છે.



રાજ્ય સરકાર દ્વારા હાઈકોર્ટની ટકોર બાદ લેન્ડ ગ્રેબીંગ કમિટી, નિયમનમાં કરેલા ફેરબદલની નવી માર્ગદર્શિકાને લઇને રાજકોટ જિલ્લા કલેકટર તંત્રે પણ નવી ગાઇડલાઇન મુજબ કાર્યવાહી માટે એકિટવ થયું છે.રાજય સરકાર દ્વારા હાઇકોર્ટની ટકોર બાદ લેન્ડ ગ્રેબીંગ કમિટી, નિયમનમાં કરેલા ફેરબદલની નવી માર્ગદર્શિકાને લઇને રાજકોટ જિલ્લા કલેકટર તત્રં પણ નવી ગાઇડલાઇન મુજબ કાર્યવાહી માટે એકિટવ થયું છે.

રાજકોટ જિલ્લ ગ લેન્ડગ્રેબિંગ કમિટીની બેઠક આગામી ૨૨ તારીખે મળનાર હોવાનું જાણવા મળે છે. આ બેઠકમાં ૬૦ જેટલા કેસ મુકાયા છે. જે કેસ સંદર્ભે નવા નિયમ મુજબ બન્ને પક્ષકારોને નોટીસો આપવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. એ ઉપરાંત લેન્ડ ગ્રેબિંગ કમિટીનું નવુ માળખુ બનાવવા બે નાયબ મામલતદાર, બે કલાર્કનું નવુ મહેકમ ઉભુ કરવાની પણ પ્રક્રિયા ચાલુ કરાયાનું અને ટુંક સમયમાં આ નવા મહેકમમાં કલેકટર દ્વારા ઓર્ડર થશે તેવું જાણવા મળે છે

# સુધારણા યાદીઃ જિલ્લામાં ૨૩.૭૪ લાખ મતદારો

## નવા ૩૨,૪૬૯ મતદાતાઓ ઉમેરાયા, ૧૬,૩૨૨ મતદાતાઓના નામ કમી કરાયા

રાજકોટ તા. ૬

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર અને ચૂંટણી વિભાગ દ્વારા રાજકોટ જિલ્લામાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમનો ગત તા. ૨૯ ઓક્ટોબર ૨૦૨૪ થી પ્રારંભ કરાયા બાદ હાલ તા. ૬ જાન્યુઆરી ૨૦૨૫ દરમ્યાન મતદાર યાદીમાં નામ ઉમેરવા, ફેરફાર તેમજ કમી કરવાની પ્રક્રિયાને અંતે રાજકોટ જિલ્લામાં ૨૩,૭૪,૬૦૪ મતદાતાઓ નોંધાયા હોવાનું જિલ્લા ચુંટણી અધિકારી દ્વારા જણાવાયું છે.

રાજકોટ જિલ્લામાં ગત તા. ૨૯ ઓક્ટોબરની સ્થિતિએ ૨૩,૫૮,૪૫૭ મતદાતાઓની યાદીમાં નવા ૩૨,૪૬૯ મતદાતાઓ ઉમેરાયા છે. જયારે ૧૬૩૨૨ મતદાતાઓના નામ કમી કરવામાં આવ્યા છે. જયારે ૧૬,૪૨૫ જેટલા મતદાતાઓની માહિતીમાં ફેરબદલ કરવામાં આવ્યો છે.

વિધાનસભા મત વિસ્તાર મુજબ ગત ઓક્ટોબર ૨૦૨૪ ની સ્થિતિએ રાજકોટ પૂર્વ (૬૮) માં ૩,૦૪,૭૦૭ મતદાર સૂચીમાં ૩,૭૫૧ નવા મતદાર નોંધાયા છે, જયારે ૧૯૬૭ નામ બાદ કરવામાં આવ્યા છે, જે મળીને હાલની સ્થિતિએ ૩,૦૬,૪૯૧, રાજકોટ પશ્ચિમ (૬૯) મતવિસ્તારમાં ૩,૬૨,૩૬૬ મતદાતર પૈકી નવા ૪૦૯૦ નવા




મતદાર અને ૨૭૭૩ મતદાર નામ કમી સાથે કુલ ૩,૬૩,૬૮૩, રાજકોટ દક્ષિણ (૭૦) માં ૨,૫૮,૮૪૮ મતદાર પૈકી ૨૫૩૨ નવા અને ૨૨૪૧ નામ બાદ પછી ૨,૫૯,૧૩૯, રાજકોટ ગ્રામ્ય (૭૧) માં ૩,૮૯,૨૮૬ પૈકી નવા ૮૭૬૪ જયારે ૨૮૮૭ મતદાર નામ કમી કરાતા હાલ ૩૯૫૧૬૩ મતદાતાઓ, જસદણ મત વિસ્તાર (૭૨) માં ૨,૬૩,૯૦૫ ની પૂર્વ પરિસ્થિતિએ નવા ૪,૧૮૭ જયારે ૧,૨૨૯ મતદાર કમી કરાયા બાદ હાલ ૨,૬૬,૮૬૩, ગોંડલ વિધાનસભા (૭૩) માં ૨,૩૧,૮૭૬ પૈકી નવા ૨૯૪૦ મતદાતા ઉમેરાયા છે . જયારે ૧૫૫૩ મતદારોના નામ બાદ કરવામાં આવતા હાલ ૨,૩૩,૨૬૩ મતદાતાઓ, જયારે જેતપુર (૭૪) વિધાનસભા મતવિસ્તારમાં ૨૭૮૪૯૪ મતદાતાઓ પૈકી નવા ૩૨૫૨ અને ૧૮૩૮ નામ બાદ કરાયા બાદ હાલ ૨,૭૯,૯૦૮ મતદાતાઓ તેમજ ધોરાજી (૭૫) વિધાનસભા મતવિસ્તારમાં ૨૬૮૯૭૫ પૈકી મતદાર યાદી સુધારણા બાદ નવા ૨૯૫૩ નવા મતદારો જયારે ૧૮૩૪ નામ કમી કરાયા બાદ હાલની સ્થિતિએ ૨૭૦૦૯૪ મતદાતાઓ નોંધાયા છે.

આમ રાજકોટ જિલ્લામાં મતદારયાદી સુધારણા કાર્યક્રમ બાદ રાજકોટ જિલ્લામાં ૨૩ લાખ ૭૪ હજાર ૬૦૪ મતદાતાઓ લોકસભા, વિધાનસભા મતદાન માટે નિશ્ચિત કરવામાં આવ્યા હોવાનું જિલ્લા ચૂંટણી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

## ગુનેગાર ગમે એવા શાતીર હોય પોલીસ ધારે તો ધરતીના કોઈપણ છેડેથી પકડી શકે

# ચાર દાયકા બાદ બે ધાડપાડુને વેશપલ્ટો કરી દબોચી લેવાયા

## યુવાનીમાં ૧૯૮૧માં હોટેલ-પંપ ઉપર ગુનો આચર્યો હતોઃ હવે પકડાયા ત્યારે બંનેની ઉમર ૬૫ અને ૭૪ વર્ષની છેઃ ત્રણ આરોપી પામી ચુક્યા છે મૃત્યુ

રાજકોટ: પોલીસ ધારે તો શું ન કરી શકે? તેની પ્રતીતિ કરાવતુ વધુ એક ડિટેક્શન થયું છે. પોલીસે એવુ કામ કર્યુ છે જાણીને એમ કહી શકાય કે વાહ આ તો ખરેખર નોંધપાત્ર કામગીરી છે. ચુમાલીસ વર્ષ પહેલા એક પેટ્રોલ પંપ અને હોટેલ પર ધાડ પાડવામાં આવી હતી. જેમાં હોટેલ માલિકને માર મારી ઈજા પહોંચાડી લૂંટ ચલાવી હતી. ચડ્ડી બનીયાધારી એવી ગેંગ અંગે જે તે વખતે પોલીસે થોડીઘણી વિગતો મેળવી હતી અને કેટલાકને પકડી લીધા હતાં. જો કે બે મુખ્ય આરોપી હાથમાં આવ્યા નહોતાં. આ બંને જે તે વખતે યુવાન હતાં તે હવે વયોવૃધ્ધ થયા પછી ઝડપાઇ ગયા છે. પોલીસે વેશપલ્ટો કરીને બંનેને મહારાષ્ટ્રમાંથી દબોચી લીધા છે.



વિગતો પર નજર કરીઓ તો વડોદરા નજીક નેશનલ હાઈવે ઉપર એક પેટ્રોલપંપ તેમજ હોટલ ઉપર પથ્થરમારો કરી ધાડ પાડ્યા બાદ હોટેલ માલિકને ઈજા પહોંચાડી ફરાર થઈ ગયેલી ચડ્ડી બનીયન ગેંગના બે ધાડપાડુઓ ચુમાલીસ વર્ષ બાદ પોલીસે વેશપલટો કરી મહારાષ્ટ્રમાંથી ઝડપી પાડ્યા હતા. આ અંગેની વિગત એવી છે કે વડોદરા નજીક આલમગીર ગામ પાસે નેશનલ હાઈવે ઉપર તારીખ ૨૬ એપ્રિલ ૧૯૮૧ના રોજ પાંડે હોટલ તેમજ નજીકમાં આવેલા પેટ્રોલ પંપ ઉપર પથ્થરમારો કરી કેબિનમાં ઘુસી જઈ રોકડ ૧૨,૯૫૨ની લૂંટ ચડ્ડી બનીયનધારી ટોળકીએ કરી હતી. ધાડપાડુઓએ કેબિનના કાચ તોડી પાડી માર્કંડે રઘુનાથ પાંડે નામના હોટલ માલિકને દંડાથી માર મારી ઈજા પહોંચાડી હતી. આ અંગેનો ગુનો વરણામા પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો.

વધુ માહિતી અનુસાર પોલીસે અગાઉ નવ ધાડપાડુંની ધરપકડ કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. ત્યારબાદ ૧૯૮૪માં વધુ એક ધાડપાડુને ઝડપી પાડી પુરવણી ચાર્જશીટ કોર્ટમાં મૂકી હતી જ્યારે અન્ય છ ધાડપાડુઓ ફરાર હતા. તેઓ નહીં ઝડપાતા કોર્ટે સીઆરપીસી કલમ ૮૨ મુજબ ફરારી જાહેરનામું બહાર પણ પાડ્યું હતું. દરમિયાન વરણામા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ. જે. વાઘેલાએ ફરાર આરોપીઓને શોધી કાઢવાની કવાયત હાથ ધરી હતી. જેમાં ઉપરોક્ત ગુનાના આરોપીઓ પણ ફરાર હોવાનું જાણવા મળ્યું હતું. છેક વર્ષ ૧૯૮૧માં થયેલી ધાડના ગુનામાં ફરાર આરોપીઓ મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના કોટલીખુર્દ ગામે રહે છે તેવી માહિતીના આધારે વરણામા પોલીસ સ્ટેશનની એક ટીમ કોટલિખુદ ગામે પહોંચી ગઈ હતી અને તે ગામના લોકોના પહેરવેશ મુજબ વેશ પલટો કરી બે દિવસ સુધી ગામમાં રહીને ખેતરો તેમજ ગામની સીમમાં વોચ રાખી તપાસ કરી હતી.

જેમાં ફરાર ધાડપાડુઓ પૈકી કરણસિંહ માકડીયા વસાવેનું માર્ચ ૨૦૨૩, અંબુ બાવલીયા ગાવીતનું સપ્ટેમ્બર ૨૦૧૪ તેમજ તુકારામ સૂકા કોકણીનું સપ્ટેમ્બર ૨૦૨૨માં મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું હતું. વરણામા પોલીસના સ્ટાફે સ્થાનિક ઉપનગર પોલીસ સ્ટેશનની મદદ લઈને ત્રણે મૃતક ધાડપાડુઓના મરણના દાખલા મેળવ્યા હતા ત્યાર પછી પણ વેશ પલટો ચાલુ રાખીને ફરાર અન્ય બે ધાડપાડુઓ પાંસઠ વર્ષના મગન ઉર્ફે મંગુ બારકીયા વસાવે અને ચિમોતેર વર્ષના જાલમસિંહ ઉર્ફે જેલમા સેલા વસાવેને ઝડપી પાડ્યા હતા. લૂંટ કર્યા બાદ યુવાન વયના ધાડપાડુઓ વયો વૃધ્ધ થતાં ઝડપી પાડ્યા બાદ તેઓને વરણામા પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે વર્ષ ૧૯૮૧થી ૧૯૮૪ દરમિયાન ગેંગ બનાવીને આ ધાડપાડુઓ હાઈવે પરના પેટ્રોલ પંપ તેમજ હોટલોને નિશાન બનાવી પથ્થર મારો કરતા હતા અને લૂંટફાટ કરી આતંક મચાવ્યો હતો. અગાઉ પણ રાજ્યની અલગ અલગ પોલીસની ટુકડીઓ આ રીતે વર્ષો જુના હત્યા, લુંટ, ચોરી સહિતના ગુનાઓમાં આરોપીઓને બીજા રાજ્યોમાંથી પકડી લાવી હતી. જેમાં આ ડિટેકશન સૌથી વધુ નોંધપાત્ર કહી શકાય તેવું હોવાનું પોલીસબેડામાં ચર્ચાઇ રહ્યું છે.

# કાલાવડ રોડ બ્રિજ નીચે વિવિધ રમતોનું આયોજન શું બનશે ન્યુસન્સ પોઈન્ટ ?

### ટ્રાફિક સમસ્યાની સાથોસાથ પાર્કિંગ અને સુરક્ષાનો મુદ્દો મનપા ક્યાંકને ક્યાંક ચૂકી હોવાનું તજજ્ઞોનું માનવું




રાજકોટ, તા. ૬

રાજકોટ મહાનગરપાલિકા ની વાત કરવામાં આવે તો અનેકવિધ વિકાસ કામો હાથ ધરવામાં આવતા હોય છે જેથી શહેર ઉતરોતર પ્રગતિ કરે. પરંતુ ઘણા ખરા કિસ્સામાં મહાનગરપાલિકા દ્વારા લેવામાં આવેલો નિર્ણય સામાન્ય માનવી અને શહેર માટે માથાનો દુખાવો બની જતો હોય છે એટલું જ નહીં અનેક એવા કિસ્સાઓ સામે આવ્યા છે મહાનગરપાલિકાના કે જેમાં કોઈ પણ વિચાર કર્યા વગર કોઈ નિર્ણય લેવામાં આવ્યો હોય અને યોગ્ય રીતે તેની અમલવારી ન થતા સામાન્ય વ્યક્તિને હેરાન થવું પડતું હોય છે. રાજકોટને સ્માર્ટ સિટી બનાવવા માટે મહાનગરપાલિકા દ્વારા હાલ તમામ સંભવત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે પરંતુ તેની સામે જે રિસર્ચ કાર્ય થવું જોઈએ તે થઈ શકતું નથી તેવા એક નહીં અનેક ઉદાહરણો સામે આવ્યા છે. મળતી માહિતી મુજબ પરિમલ સ્કૂલ કાલાવડ રોડ ઉપર જે ઓવરબ્રીજ બનાવવામાં આવ્યો છે તેની નીચે અનેક રમત ગમતો માટેની વ્યવસ્થા ઉભી કરવા માટેનો નિર્ણય મહાનગરપાલિકા લીધો છે જે અંગેની દરખાસ્ત આજે સ્ટેન્ડિંગમાં મૂકવામાં આવી છે પરંતુ સ્થાનિક લોકો અને જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર એ વાત સ્પષ્ટ થઈ રહી છે કે મહાનગરપાલિકા દ્વારા જે નિર્ણય લેવામાં આવ્યો છે તે પાયા વિહોણો છે કારણ કે જે બ્રિજ નીચે આ તમામ રમત ગમતો નો આયોજન કરવામાં આવ્યું છે તેનાથી લોકોને ઘણી ખરી મુશ્કેલી અને હાલાકી ભોગવી પડશે.

### મનપાનું અણઘડ આયોજન આર્થિક નુકસાની પહોંચાડે છે

**મહાનગરપાલિકાએ સર્વપ્રથમ જે બ્રિજ ની નીચે રમત ગમતો માટેની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે તે જગ્યા પર ટાઈલ્સ એટલે કે બ્લોક મૂક્યા હતા અને ત્યારબાદ આ રમતો રમાડવાનો નિર્ણય લેતા તે લાગેલા બ્લોકને ફરી તોડી પાડવામાં આવ્યા હતા ત્યારે તજજ્ઞોનું માનવું છે કે આટલી મોટી નુકસાની કોના ભોગે. કેમ મહાનગરપાલિકા પાસે આ અંગે નકર આયોજન નથી કેમ મહાનગરપાલિકા આ માટે કોઈ રિસર્ચ કાર્ય કરતું નથી. તો યોગ્ય રીતે આ વ્યવસ્થા ઊભી કરવામાં આવી હોત તો આજે આ નુકસાની વેઠવી ન પડે**

પીકલ બોલથી માંડીને બોક્સ ક્રિકેટ સુધીની વ્યવસ્થા ઊભી કરવા માટેનો તખતો મહાનગરપાલિકાએ તૈયાર કરી લીધો છે પરંતુ એ જે જગ્યા નક્કી કરવામાં આવી છે તે મેઇન રોડ પરની છે અને આ જગ્યા પર સતત ટ્રાફિક રહેતો હોય છે ત્યારે સુરક્ષાની દ્રષ્ટિએ મહાનગરપાલિકાએ શું પગલાં લીધા છે તે અંગે હજુ સુધી કોઈ નક્કર કારણ સામે આવ્યું નથી એટલું જ નહીં જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર સર્વિસ રોડ પણ ચાલુ રહેતો હોય છે ત્યારે આ રમત ગમત બ્રિજ નીચે શરૂ થતા સૌથી મોટો પ્રશ્ન ઉભો એ થશે કે વાહનો પાર્ક ક્યાં કરવા એટલું જ નહીં રોડ ક્રોસિંગ કરવા માટે પણ અનેક પ્રશ્નો ઉભા થશે. બીજી સૌથી મોટી વાત એ છે કે મહાનગરપાલિકાએ પે એન્ડ પાર્ક હટાવવાનો જો નિર્ણય લીધેલો હોય તો ત્યાં રહેતા વાહનો કયા પાર્ક કરવા બીજી તરફ જે જગ્યા પર યુવાનો રમવા આવે તો તે હોય તેમના વાહન કયા પાર્ક કરવા એ પણ હાલ સૌથી મોટો પ્રશ્ન ઉભો થયો છે. વાત અહીં જ પૂરી થતી નથી આ પહેલાં પણ શહેરના ત્રણ જગ્યાએ બોક્સ ક્રિકેટને લઈને ભારે વિરોધ ઉઠ્યો હતો ત્યારે બ્રિજ નીચે જે બોક્સ ક્રિકેટ બનાવવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે તેમાં આજુબાજુની સોસાયટીના લોકોને ઘણા ખરા પ્રશ્નો ઊભા થશે કારણ કે બોક્સ ક્રિકેટ એવી રમત છે કે જે મોડી રાત સુધી ચાલતી હોય ત્યારે જો આ પ્રવૃત્તિ મોડે સુધી ચાલે તો ન્યુસન્સ પણ એટલું જ થશે. જેથી આ અંગે મહાનગરપાલિકાએ કોઈ નક્કર નિર્ણય લેવો ખૂબ જરૂરી અને આવશ્યક બન્યો છે.